નામ : હારૂન ગુલામ અહમદ પટેલ
(માજી પોલિસ પટેલ)
જન્મ : તા. ૩-૫-૧૯૪૭
જન્મ સ્થળ : કોઠી - વાંતરસા
અભ્યાસ : પ્રાથમિક શાળા, કોઠી, કુરચણ
માધ્યમિક શાળા, ટંકારિયા

**સન ૧૯૬૫ થી બ્રિટન સ્થિત :**

બ્રિટનમાં સાહિત્યિક પ્રવૃતિઓનું આયોજન ગુજરાતી ભાષા સાહિત્યનો પ્રચાર- પ્રસાર, ગુજરાતી આર્ટ ગ્રુપ, યુ.કે. ના સ્થાપક, પ્રમુખ બ્રિટનભરમાં મુશાયરા અને સર્જન શિબિરોના આયોજક

સમાજ સેવા અને માનવ કલ્યાણની પ્રવૃતિઓમાં સક્રિય, વૃદ્ધો તથા અપંગોને બ્રિટનમાં સરકારી સેવા ઉપલબ્ધ કરાવવામાં માર્ગદર્શન અને સહાય



પ્રેમ એ તો બંધ લિફાફાના જ જેવો છે સનમ
એ હૃદયની આંખ વિના તો કદી વંચાય ના



# તરસ એક દરિયાની

ગઝલ સંગ્રહ

હારૂન પટેલ

## હારુન પટેલને પાંચમાં બે ઉમેરી બાવન કરવાનું ગણિત કેમ નથી સમજાતું ?

વિલાયતમાં બોલ્ટન નગરી મધ્યે રહે છે વિખ્યાત ગઝલકાર અદમ ટંકારવી અને તેમના નિવાસથી નજીકમાં જ રહે છે હારુન પટેલ, ઘણીબધી વાર વિલાયત જવાનું બન્યું. બાટલી, બ્લેકબર્ન, બર્મિંગહામ, લેસ્ટર, લંડન, માંચેસ્ટર, એમ અનેક નગરોમાં મુશાયરાઓ, કવિ સંમેલનોના ઉષ્માભર્યા આયોજન થતા રહે છે. સો-દોઢસોથી આઠસો-નવસો જેટલા શ્રોતાઓની હાજરીમાં કાર્યક્રમો થાય. ભારત અને અમેરિકાથી અતિથિ કવિઓ હોય તેમાં વિલાયતનાયે ઘણાં નોંધપાત્ર કવિઓ સાથે હોય. બધાયના નામ લખવા બેસું તો આખું પાનું ભરાઈ જાય, પણ અહમદ ગુલ, અદમ ટંકારવી, પંકજ વોરા, બેદાર લાજપુરી, પ્રફુલ્લ અમીનની સાથે સાથે હોય હારુન પટેલ.

ઘણી વાર આ બધા નગરોમાં ગુલ સાહેબ કે હારુનભાઈ કે પ્રફુલ્લભાઈ કે વોરા સાહેબની કારમાં જવાનું ગોઠવાય. પ્રવાસમાં વ્યક્તિના આવરણ થોડા સરકતા હોય છે. વ્યક્તિત્વ થોડું ખીલતું હોય છે. ધાણીની જેમ મનગમતા શેરો ફૂટતા હોય છે. કવિઓની, કવિતાઓની વાતોનો અસ્ખલિત પ્રવાહ કારની ગતિની સાથે હરીફાઈ કરતો હોય છે.

આનંદ આનંદ છલકાઈ રહે છે. સવિશેષે જ્યારે હારુનભાઈ કાર હંકારતા હોય !

મને અંગત રીતે તેમની વાતોમાં ખૂબ રસ પડે છે. તેમની બધી વાતો આવરણ વગરની હોય છે. ખુલ્લા દિલની હોય છે. સહેજે લગી લિપ્ટી નથી હોતી. કશાય ઉમેરણ વગરની હોય છે. તેની પાછળ કોઈ પ્રકારનું ગણિત નથી હોતું, તેમની વાતો જેવો જ તેમનો એક શેર યાદ આવી રહ્યો છે.

**'પાંચમાં તું બે ઉમેરે ને પછી બાવન કરે**
**માફ કર તારું ગણિત અમને તો સમજાતું નથી '.**

હારુનભાઈ, આ ગણિત ન સમજાવાની વાત પર મારા હાર્દિક અભિનંદન સ્વીકારજો.

આદિલ મન્સૂરી
નોર્થબર્ગન, ન્યૂજર્સી



## હારુન પટેલની ગઝલપ્રીતિ

હારુન પટેલ બ્રિટનની મુશાયરા પ્રવૃત્તિ સાથે અઢી દાયકાથી ઘનીષ્ઠ રીતે સંકળાયેલા છે. મુશાયરાનું આયોજન કરવું, બ્રિટનભરમાંથી અને ક્યારેક છેક ગુજરાતથી કવિઓને નોતરવા, તેમની આગતાસ્વાગતા કરવી, સુવિધાઓ સાચવવી, હૉલની સજાવટ કરવી, અને ત્રણસો ચારસો શ્રોતાઓ ભેગા કરવા- આ બધું એમને સહજસાધ્ય છે. એમની ગઝલપ્રીતિ અને કવિઓ પ્રત્યેના અહોભાવને લીધે આવી દોડધામ તેઓ આનંદપૂર્વક અને ઉત્સાહભેર કરે છે. વળી આ પ્રવૃત્તિઓ તેઓ નિઃસ્વાર્થભાવે કરે છે કેમ કે, બ્રિટનમાં ગુજરાતી ભાષાને જીવતી રાખવાની ખેવના જ આની પાછળનું પ્રેરકબળ છે. અંગ્રેજીના ઘૂઘવતા મહાસાગરમાં ગુજરાતીના ટપકાં જેટલા દ્વીપનું જતન કરવાનું અઘરું છે. આમ છતાં હારુન પટેલ જે શ્રદ્ધા અને ખંતથી આ ક્ષેત્રમાં સક્રિય રહ્યા છે તે સ્તુત્ય અને સરાહનીય છે. બ્રિટનમાં ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં હારુન પટેલના આ પ્રદાનની વિશેષરૂપે નોંધ લેવાશે, અને બ્રિટનનો ગુજરાતી સમાજ એમના પુરુષાર્થની યોગ્ય કદર કરશે એવી આશા અસ્થાને નથી.

બ્રિટનથી ભારતની મુલાકાતે જાય ત્યારે પોતાના વતન કોંઢી-વાંતરસામાં ખલીલ ધનતેજવી, અશોકપુરી ગોસ્વામી, ડૉ.રશીદ મીર, ચતુર પટેલ આદિ ખ્યાતનામ કવિઓ તથા રિષભ મહેતા કે કિશોર સાગર જેવા ગઝલગાયકોને આગ્રહપૂર્વક લઈ આવે અને એ ખોબા જેટલા નાનકડા ગામમાં પણ ગઝલમહેફિલ જમાવે. આવા કાર્યક્રમોની વિડિયો કેસેટો બ્રિટનમાં પ્રસારિત કરે. લોકો તે હોંશથી જુએ અને માતૃભાષા સાથેનો સંપર્ક તાજો કરે.

ગુજરાતી ગઝલનું પરિશીલન અને ગઝલકારો સાથેના નિકટવર્તી પરિચયને પરિણામે હારુન પટેલ ગઝલસર્જન તરફ વળ્યા. આરંભે, બ્રિટનમાં થતા તરહી મુશાયરા માટે પંક્તિ પર ગઝલ લખતા થયા. પંક્તિ પરની આ ગઝલોને કવિઓ અને શ્રોતાઓ તરફથી ખૂબ દાદ મળી. બોલ્ટનના એક મુશાયરાની પંક્તિ હતી : 'પાનખર આવી છતાંય ફૂલ કરમાતું નથી'. હારુન પટેલની આ તરહી ગઝલના એક શેર પર આ મુશાયરામાં ઉપસ્થિત અતિથિ કવિ શોભિત દેસાઈએ ઊછળીને દાદ આપેલી અને એમના સંચાલનમાં આ શેરમાં ખાસ ઉલ્લેખ કરેલો :

**પાંચમાં તું બે ઉમેરે ને પછી બાવન કરે,**
**માફ કર તારુ ગણિત અમને તો સમજાતું નથી.**

આનાથી પ્રોત્સાહિત થઈ હારુન પટેલ મુશાયરા નિમિત્તે લખાતી ગઝલો સિવાય પણ ગઝલસર્જનમાં પ્રવૃત થયા. પરિણામ સ્વરૂપે ગઝલરસિકોને એમનો પ્રથમ ગઝલસંગ્રહ 'તરસ એક દરિયાની' પ્રાપ્ત થાયછે.

સંવેદન, અનુભૂતિ સંદર્ભે સંગ્રહમાં ખુમારી વતનપ્રેમ, માનવસંબંધો, પ્રણય, દંભ, આડંબર આદિ સમાવેશ થયો છે. વતનઝૂરાપાના અનેક શેર મળે છે. બ્રિટનનાં ધૂંધળાં વાતાવરણમાં વાદળના કલ્પન દ્વારા વતનને સંભારતા કવિ કહે છે.:

**હારુન આવે છે વતનની યાદ અજાણ્યા શહેરમાં**
**કેમ અચાનક સાંભરણનાં વાદળો મંડરાય છે ?**

પરદેશની ભૌતિક સુખસમૃધ્ધિ વચ્ચે પણ વતનની યાદથી કવિની આંખ ભીંજાય છે. દંભ અને આડંબર પર કટાક્ષ કરતાં અનેક શેર આ ગઝલોમાં છે 'મુખમાં રામ બગલમાં છૂરી' ની વાત સરળ બાનીમાં કવિ કરે છેઃ

**મુખથી બોલે રામ ને છૂરી બગલમાં લઈ ફરે.**
**એમનો દેખાવ જોઈ લોક ભરમાયા હશે**

'માણસ મઝામાં છું' નો દંભ કરી પોતાના વિષાદને સંતાડયા ગયે છે આનું આશ્ચર્ય વ્યકત કરતાં કવિ કહે છે:

**જેને પૂછો કહે 'મઝામાં છું'**
**કોઈ સાચું તો ક્યાં બતાવે છે**

સૂરજ હોવાનો ઢોંગ કરી ફરતાં માનવીને આહ્‌વાન આપતાં કવિ કહે છેઃ

**સૂરજ થઈને ફરે નગરમાં**
**એને કહી દો રાતે આવે**

માનવ નબળાઈઓ અને આળવીતરાઈના અનેક શેર જોવા મળે છે :

**તારું ઘર તું હવે સંભાળ, ડૉન્ટ બી નોઝી**
**છોડ દુનિયાનો કારભાર ડૉન્ટ બી નોઝી**

આ ગઝલોમાં 'રેતમાં નાવ ચલાવનારા' 'સભા ગજાવનારા,' 'મીઠી વાણીથી' છેતરનારા, અને 'પીઠમાં ખંજર હુલાવનારા' દંભીઓ પર કવિ કટાક્ષ કરે છે. માનવ સંબંધોથી નિર્ભ્રાંત થયાની અનુભૂતિ પણ અહીં વ્યકત થાય છે:

**તેં સંબંધો સાચવ્યા 'હારુન' તેથી શું મળ્યું ?**
**એમ સમજાયું તને કે પાણીમાં રણ હોય છે**

જગતમાં ખુશીઓનો સરવાળો ન થવાનું કારણ આપતાં કવિ કહે છેઃ

**એટલે ખુશીઓનો સરવાળો કદી થાતો નથી**
**એકને ખુશ જોઈને બીજું જો હરખાતું નથી**



બલકે, એકની ખુશી જ બીજાના દુઃખનું કારણ બનતી હો છે.માનવીના દુઃખદર્દનો ઈલાજ આ કવિ નિખાલસતામાં જુએ છે. એ માનવગુણમાં શ્રદ્ધા વ્યકત કરતાં કહે છે :

**છે નિખાલસતાથી 'હારુન' જેનું જીવન તરબતર**
**એ જ બીજાના જીવનને પણ સજાવી જાય છે**

હારુન પટેલ આ સંવેદનો સરળ બાનીમાં વ્યકત કરે છે કહેવત, રૂઢિપ્રયોગ અને બોલચાલની ભાષા પ્રયોજે છેઃ

**હોય કડવી તોય સાચી વાત તો કહેવી પડે**
**હાજી હા થી સર્વને ખુશ રાખનારો હું નથી**

અન્ય એક ગઝલમાં 'હથેળીમાં ચાંદ બતાવવો' ને રૂઢિપ્રયોગમાં વાત કરતાં કહે છેઃ

**કાચને પણ હીરામોતીમાં ખપાવી જાય છે**
**ને હથેળીમાં મને ચાંદો બતાવી જાય છે**

બોલચાલની ભાષામાં પણ ચમત્કૃતિ સાધે છે

**જ્યારે જ્યારે આયના તૂટે**
**આયના સાથે ચહેરા તૂટે**

'તો ગઝલ કહું' રદીફની રચનામાં હારુન પટેલની સર્જનપ્રક્રિયાના સંકેત સુપેરે મળે છે. સપનું, દર્દ, જીવનની વિટંબણા, પ્રિયજન અને યાદ-આ એમની ગઝલોના ઉદ્દીપક છેઃ

**કરવી છે મારે વાત વિગતવાર ઝખ્મની**
**દિલમાં જરાક દર્દ વધે તો ગઝલ કહું**

અન્ય ગઝલનાં એક શેરમાં આ કવિ કબૂલે છે કે તેમને ગઝલની બારાખડી જડી છે, પણ તેમની ખોજ ગઝલભાષાની છેઃ

**ક્યારે આવડશે ગઝલભાષા મને**
**ક્યાં સુધી બારાખડી ગોખ્યા કરું**

હારુન પટેલના 'તરસ એક દરિયાની' ના પ્રાકટ્ય સાથે બ્રિટનના ગુજરાતી ગઝલક્ષેત્રે નોંધપાત્ર ઉમેરો થાય છે.

-અદમ ટંકારવી (બોલ્ટન)

## તું કોઈ ફૂલ છે કે નહીં, જાણતો નથી,
## હું તો તને મળીને ને સુવાસિત બની ગયો.

એક વ્યક્તિ તરીકે ભાઈ હારૂન પટેલ વિષે થોડુંક લખવાની શરૂઆત કરતાં જ મર્હૂમ 'બેફામ' નો ઉપરનો શેર યાદ આવ્યો. શેરની બીજી પંક્તિ હારૂનને બરાબર લાગુ પડે છે, મહેમાન કવિઓની કદર કરતાં કરતાં, મુકામી શાયરોનું સન્માન સાચવતાં અને અવારનવાર ગીત-ગઝલની મેહફિલો સજાવી કવિમિત્રોની સોબતમાં બેસતાં, અત્તર વેચનાર પાસે બેસી રહેનાર ખુશબો પામે એ રીતે, હારૂનને શાયરોના સંગમાં ગઝલોનીમહેક મળી છે અને તેઓ ગઝલો લખતા થઈ ગયા છે.

ભૂતકાળમાં ગુજરાતી આર્ટ ગ્રૂપ, બોલ્ટન અને ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ના ઉપક્રમે બોલ્ટન નગરમાં અવારનવાર ગુજરાતી મુશાયરાઓ અને ગઝલ સંધ્યાઓનું સફળ આયોજન કરી તથા અત્યારે પણ કરતા રહી, હારૂને પ્રથમથી જ કવિઓ અને કવિતાની કદર કરી છે અને ગુજરાતી ભાષા તથા ગઝલ સાહિત્યને હંમેશાં ઉત્તેજન આપ્યું છે.

હારૂન મહેમાન નવાઝ છે એ સૌ કોઈ જાણે છે. એમના પત્ની ફાતમા બહેનના કહેવા મુજબ એ અહીંયાં હોય કે ન હોય, મહેમાનોની ભીડભાડમાં કંઈ ફેર પડતો નથી. હારૂનની ગેરહાજરીમાં પણ એમના મહેમાનોની આવજા ચાલુ જ હોય છે.' દસ્તરખાન હંમેશાં પથરાયેલું રહે છે. હારૂન પરગજુ હોઈ અન્યોનો બોજ સ્વેચ્છાએ ઉપાડી લે છે. કામ પડે તો સામા માટે ગમે ત્યારે ગમે ત્યાં દોડવા તૈયાર હોય છે. આર્થ્રાઈટિસની તકલીફને કારણે તબિયત ઘણીવાર અસ્વસ્થ હોય તોયે કોઈ કામ આવી પડે એટલે તરત ઊભા થઈ જાય છે. પિતા પાસેથી વારસામાં લોકોના પ્રશ્નો ઉકેલવાની આવડત અને સૂઝ મળી છે જેનો ઉપયોગ કરી સામાજિક ગૂંચો ઉકેલવામાં સાથ સહકાર આપતા રહે છે.

અંગત જીવનમાં હારૂને એક પિતા તરીકે ની જવાબદારી પણ સારી રીતે નિભાવી છે. બધાંજ બાળકો કેળવાઈને સારી રીતે ગોઠવાઈ ગયાં છે. એમની વિકલાંગ પુત્રી અનીસાની એમણે જે રીતે માવજત કરી છે અને સંભાળ લીધી છે એ ખરેખર નોંધપાત્ર છે. અનીસાને એમણે સૌએ ભેગા મળી સ્વતંત્રતા અને સ્વમાનની જિંદગી જીવવામાં જે ટેકો આપ્યો છે અને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે તે આવાં બાળકોના અન્ય માબાપો માટે અનુકરણીય છે. અનીસાને વ્હીલચેરમાં બેસી બોલ્ટનના ટાઉન હૉલમાં પોતાની ફરજ બજાવતી હું જોઉં છું ત્યારે મને એના મનોબળ અને ઉત્સાહ પ્રત્યે અને એના માટે આ બધું શક્ય બનાવનાર એના માબાપ, ભાઈ બહેનો અને શિક્ષકો પ્રત્યે ખૂબજ આદર અને માન ઉપજે છે અને શિક્ષકો પ્રત્યે ખૂબજ આદર અને માન ઉપજે છે.

ભાઈ હારૂનનો પ્રથમ ગઝલસંગ્રહ પ્રગટ થાય છે ત્યારે એક ગઝલકાર તરીકે એમને આવકારતાં ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ. કે. ના પ્રમુખ તરીકે હું આનંદ અનુભવું છું અને સંગ્રહની સફળતા ઈચ્છું છું.

- મહેક ટંકારવી (બોલ્ટન)



## હારૂન પટેલ નામનાં માણસની ગઝલો વિષે.....

હકીકતમાં હારૂન પટેલ લખે છે એ ગઝલનું સ્વરૂપ છે, જરૂર છે. પણ એમાં વિષય-વૈવિધ્ય આખાબોલા આખાના છપ્પાનું છે, કદાચ આપણે એની જૂનવાણીતાથી ભરમાઈ પણ જઈએ. પણ જો બચ્યા તો કવિતાના અલગ વાતાવરણમાં ટહેલવાનું સુખ મળે જ મળે!

લોકજીવનની સતત સાથે રહેતા હારૂનને પારકી છઠ્ઠીના જાગતલ તરીકે જીવવાનું વરદાન મળ્યું છે, જેનો ઉપયોગ એ પોતાના મિજાજાનુસાર કરતા રહે છે. પણ સતત સમાજ સાથે, ખાસ કરીને પોતાના સમાજ સાથે અને એ પણ પરદેશમાં; હારૂનને રહેવાનું થયું છે એને લઈને જ હારૂન આવા અશઆર ગુજરાતીને ધરે છે;

> પાંચમાં તું બે ઉમેરે ને પછી બાવન કરે
> માફ કર તારું ગણિત અમને તો સમજાતું નથી
>
> સંતની સોબતમાં બેસીને નરમ તું થઈ ગયો
> એટલે તારાથી હારૂન કોઈ ગભરાતું નથી.

વધુ કંઈ ન કહેતાં મને લાગે છે હું હારૂનની ગઝલને જ બોલવા દઉં. પણ વ્હાલા વાચક! હવે પછીનાં પાનાંઓમાં દરેક જગ્યાએ હારૂનનાં વેદના, અવસાદ, દર્દ,એકલતા, ઉલ્લાસ, પ્રકૃતિ-દર્શન અક્ષર દેહે તમારી આંખ દ્વારા તમારા મનમાં / અંતરમાં રાવટી તાણવા થનગની રહ્યા છે. એમાં તમને દોષ પણ દેખાશે જ. ઝડપથી એ બધાને વટાવતા હારૂનનાં ગુણ આગળ જરૂરથી અટકજો અને હારૂનને મનોમન અને વ્યક્ત બિરદાવજો. હારૂનની ઈન્સાનિયતને ખુદમાં વધુ ભરોસો બેસે એ આપણી સહિયારી ફરજ છે. નિકૃષ્ટ-ઉત્કૃષ્ટ સારસ્વતોની તો ક્યાં ખોટ છે ગુર્જરીને ?! પણ હારૂન પટેલ જેવા ઈન્સાન જવલ્લે જોવા મળતાં હોય છે. અસ્તુ.

- શોભિત દેસાઈ

## તરસ દરિયાની દરિયા જેવી.........

ભાઈ શ્રી હારૂનભાઈનો પ્રથમ પરિચય મને મારા યુ.કે.ના પ્રથમ પ્રવાસ દરમ્યાન આજથી બરાબર બાર વર્ષ પૂર્વે થયેલો અને ત્યારથી આજ દિન સુધી આ દરિયાવ દિલ ઈન્સાનની દોસ્તીના મજબૂત તાંતણે હું બંધાયેલો રહ્યો છું. આ માણસ ત્યારે શાયરો અને એમની શાયરીનો દિવાનો હતો... કદાચ ત્યારે એને ખબર નો'તી કે એની અંદર પણ એક શાયર ક્યા..ર..નો પ્રગટ થવા મથી રહ્યો છે.....છેલ્લાં પાંચેક વર્ષોમાં આ શાયર ન માત્ર પ્રગટ થયો પણ પુખ્ત પણ બન્યો. એમનો પ્રથમ ગઝલસંગ્રહ 'તરસ એક દરિયાની' હવે પ્રગટ થઈ રહ્યો છે ત્યારે એનું શીર્ષક પોતે જ આ માણસ વિષે અને એની તરસ વિષે ઘણું બધું કહી જાય છે. મહેલ જેવા મકાનમાં રહેતો આ દરિયા જેવો માણસ કઈ વાતે તરસ્યો હતો તેનો જવાબ "તરસ એક દરિયાની" સંગ્રહ અચૂક આપશે... કારણ કે આ માણસ ગઝલ જેવો જ સરળ, સહજ, સીધો અને સ્પષ્ટ છે. એ જે કંઈ સંવેદે છે તેને સીધું સદ, હ્રદયસોંસરવું ઉતરી જાય એ રીતે સરળ-સહજ રીતે પ્રગટ કરે છે અને આ પ્રકારની સંવેદનાનું સૌથી સારું Expression ગઝલ સિવાય બીજું કોણ ઝીલી શકે ? તેથી ગઝલ એને હાથવગી, હૈયાવગી બની છે. એમ કહેવાય છે કે માણસ જન્મે છે મુક્ત પણ જીવન જીવે છે અનેક પ્રકારની જંજીરોમાં જકડાઈને. આમ છતાં એની નિયતીએ એને એક ખૂબ મોટી સ્વતંત્રતા આપી છે અને તે છે મિત્રો પસંદ કરવાની આ વાત ભાઈ શ્રી હારૂનભાઈ ખુબ જ સારી રીતે સમજે અને સમજાવે છે...., એમની ગઝલનો આ મત્લા જુઓ:

દુશ્મનોથી દોસ્તી રાખો નહીં
દોસ્તોથી દુશ્મની રાખો નહીં

વાત નિજી અનુભવની હોઈ શકે છે; પણ રજુઆત સાર્વત્રિક છે, સીધી છે. આ જ ગઝલમાં એક બેહદ ખૂબસૂરત શએર છે. શાયર કહે છે:-

આવતાં સંકોચ થાશે કોઈને
આંગણામાં ચાંદની રાખો નહીં..

'ચાંદની' અને 'રોશની'માં કેટલો મોટો ભેદ છે. બંને પ્રકાશના પર્યાય હોવા છતાં તે વાત એના પછીના શએરમાં શાયર કેવી સુંદર રીતે સમજાવે છે, કહે છે:-

ઘરને બાળી નાંખવાનો ભય રહે,
ઘરમાં એવી રોશની રાખો નહીં...,

સૌ જાણે છે કે વિશ્વ વિશ્વાસ પર ટક્યું છે. પરંતુ વિશ્વાસ તૂટે છે એક નાની સરખી ક્ષતિથી, દુનિયા આ વાત જાણતી નથી એવું નથી...પરંતુ



જાણ્યા પછી પણ એને નજર અંદાઝ કરતી આવી છે. એક સુફી સંતની જેમ શાયર આ શએરમાં આ નાની સરખી વાતનું ખુબ મોટું મહત્વ કેવી સરળતાથી સમજાવે છે....

'આમ તો વિશ્વાસ સચવાશે નહીં
દિલમાં આડી લાગણી રાખો નહીં.'

શએરની મજા એમાં વપરાયેલ બોલચાલના શબ્દ 'આડી'ના ઉપયોગમાં રહેલી છે. આ શબ્દની જગ્યાએ બીજા શબ્દો જેવા કે 'બુરી', 'ભૂંડી' 'ખોરી' 'ખારી' બેસાડી શકાયા હોત...પણ જે કામ 'આડી' શબ્દએ પાર પાડ્યું છે તે બીજા શબ્દો ન કરી શક્યા હોત. અહીં શાયરની સુઝ કરતાં ય એનો સ્વાભાવ એને વધુ કામ આવ્યો છે એમ માનવા હું પ્રેરાઉ છું.

શ્રી હારૂનભાઈ પટેલના વ્યક્તિત્વનું એક પાસું એમનું સ્પષ્ટ વક્તાપણું છે. ઘણાને એ કયારેક "આખાબોલાપણું" પણ લાગે. પણ સ્પષ્ટ કહેવું એ એમનો સ્વભાવ છે, Sugar Coated વાત કરવાની આદત એમણે આજની દુનિયામાં રહીને પણ વિકસાવી નથી તેથી જ તેઓ એવું કહી શકે:-

કાલ તક જેને હતી ના વાત કરવાની તમીઝ
ભાષણોથી તે સભાઓને ગજાવી જાય છે.

કોમનો લીડર હવે કહેવાય છે !
પહેલાં કહેવાતો હતો પંચાતિયો

પીઠ પહેલાં થાબડે છે ને પછી
પીઠમાં ખંજર હુલાવી જાય છે !

કાચને પણ હીરા-મોતીમાં ખપાવી જાય છે
ને હથેળીમાં મને ચાંદો બતાવી જાય છે.

આ તમામ શએરોમાં શાયર Man's Inhumanit, and decortivity towards Man ને ચોટદાર રીતે રજૂ કરે છે. સાથો સાથ એમાં Social Criticism પણ ધારદાર રીતે પ્રગટ થાય છે. જેમને હજી ગઈ કાલ સુધી વાત કરવાની પણ તમીઝ નો'તી તે લોકો સભા પણ ભરી શકે અને પોતાનો પ્રભાવ પણ પાથરી શકે તેમાં એવા લોકોની ખૂબી કરતાં તો વધારે કારણભૂત છે સભામાં જનારા, આવા લોકોને સાંભળનારા નાસમજુ ઉગતા સૂરજને પૂજવાની આદતવાળા તકવાદી,

એ ઉત્કર્ષ કરે છે તે સમાજનું અધઃપતન પણ દ્રષ્ટિગોચર થાય છે, દુર્જન ત્યારે જ પોતાના ઇરાદાઓમાં કામયાબ થાય છે જયારે એને ખબર પડી જાય કે સજ્જનો નિષ્ક્રિય છે, નાઇલાજ છે, નબળા છે; એકલા છે; અટૂલા છે; ધૈર્ય અને હિંમત વગરના છે. આવા સમાજમાં દુર્જનોનો, પંચાતિયાઓનો ઉત્કર્ષ થાય તેમાં શી નવાઇ?

બીજા ત્રણ શએરમાં માણસનો માણસ સાથેનો દુર્વ્યવહાર સરસ રીતે દર્શાવવામાં આવ્યો છે. આપણી સાથે ચાલનારો માણસ, આપણો હમકદમ આપણને ગુમરાહ કરે છે. જેમના પર પૂરેપૂરો વિશ્વાસ મુકીએ તે જ સૌથી મોટો વિશ્વાસઘાત કરે અને આ વાતની જયારે કરુણ પ્રતીતિ થાય છે ત્યારે કોઇ આવો મક્તા જન્મ લે છે....

**'તેં સંબંધો સાચવ્યા ' હારૂન' તેથી શું મળ્યું ?**
**એમ સમજાયું તને કે પાણીમાં રણ હોય છે. ?**

રણમાં મૃગજળની કલ્પના / ઝંખના કવિતામાં, ગઝલમાં બહુ જૂની છે. પણ પાણીમાં રણનો એહસાસ હજી ઘણો તાજો અને લીલોછમ્મ છે. આવું બનવું ક્યારેક નિયતિની રમતનું પણ પરિણામ હોઇ શકે, આપણે સૌ જાળમાં સપડાયેલી માછલી જેવાજ નથી શું ? શાયર કહે છે..

**જાળમાં સપડાઇ તેથી તરફડે છે માછલી**
**આપણા તરફડાટનું પણ એજ કારણ હોય છે.**

આપણી ઇચ્છા અને એની કૃપા બંને વચ્ચે ખૂબ મોટી ખાઇ છે. તેથી

**ફૂલ ઉપર જે રીતે ઝાકળ પડે**
**એ રીતે સાકી મદીરા પાય છે.**

અને જ્યારે સાકી આ રીતે મદીરા પાતી હોય ત્યારે આવી નાઇલાજ 'તરસ એક દરિયાની' જન્મે છે. શાયર હંમેશાં તરસ્યો જ રહે છે અને પોતે તરસ્યો રહીને બીજાઓની તૃષા તૃપ્ત કરે છે. એને તરસ્યા રહેવાનો શ્રાપ મળ્યો છે. પણ એ શ્રાપ જ એનું સૌથી મોટું વરદાન છે. એ શ્રાપ જ એની સંજીવની છે. અને તેથી એક મિત્ર તરીકે હું તો દુઆ કરીશ કે 'તરસ (આ) એક દરિયાની ક્યારે ય ન છીપે. એ હજી અનેકાનેક ગઝલોના સુંદર મોતીઓ આપતા જ રહે...એ સદૈવ તરસ્યો જ રહે કે જેથી એને આપણા જેવા ગઝલ તરસ્યા ભાવકોની તરસની ચિંતા રહે !

-રિષભ મહેતા



## એક આસ્વાદ

સાહિત્ય મર્મરીની હેસિયત નહીં, પરંતુ દોસ્ત હારુન પટેલના અંતરંગ મિત્રના નાતે અને બ્રિટનના પ્રવાસે ગયો ત્યારે મહદ્અંશે એમની સાથે ફરવાનું થયું હતું, ઉપરાંત સાથે સાથે મુશાયરા કર્યા હતા એટલે એમની ગઝલોને વાંચવાની માણવાની ઝાઝી તક મળી છે.

હારુન પટેલનું ભાવ વિશ્વ અલગારી છે. સ્વંયમ્ ખુદ્દાર સ્વભાવના, ખુદ્દારીથી જીવનાર જીવ અસત્યની, સ્વાર્થીપણાની એમને જબરી સૂગ, અને આસપાસના લોકો વિશે એમની એક જ ફરિયાદ રહી છે કે માણસ આટલો સ્વાર્થ પરાયણ કેવી રીતે બની શકે ! માણસાઇને કોરાણે મૂકીને કેવી રીતે જીવી શકાય ! બસ આવી ફરિયાદથી એમનું ભીતરનું સરલ, સજીવ વિશ્વ ઉઝરડાથી રક્તરંજિત છે. એટલે તો એ લખે છે કે-

**જાળ બિછાવી મિત્રોએ સ્નેહના લિબાસમાં,**
**મહેરબાની છે ખુદાની વાળ વાંકો થાય ના !**

છતાં હારુન પટેલના ભાવુક, લાગણીશીલ ઉરમાં ક્યારેક આવી ફરિયાદનો સૂર હશે. પણ એમનામાં હાર, થાક કે કડવાશ ક્યાંય નથી જ. દર્દને સહી લેવાની મીઠી તાકાત એમનામાં ભરપૂર ભરેલી છે એટલે તો દુનિયાને કહે છે કેઃ

**વિજયના નાદમાં નાચી રહ્યો છે તું તો હરીફ,**
**સમજ આ તારા વિજયમાં અમારી હાર નથી.**

જીવતર એ તો હારજીતની રમતથી ભરેલું છે એટલે તો જીવવું - છલનામય લાગે છે. ક્યારેક-ક્યારેક જીતનો આનંદ હોય છે તો ક્યારેક હારની ઉદાસી !

એમની વેદના, એમની વ્યથા, અલગારી અને અંતરંગ છે. આજે માણસ, માણસ મટી યંત્ર બની ગયો છે. એની દુનિયા, એનું સમગ્ર ચેતાવિશ્વ, ધન, દોલત, વાડી-વજીફા ની આસપાસ જ ગૂંથાયેલું છે. એટલે તો પશ્ચિમ તરફની આંધળી દોટમાં માણસ પાગલપણાની હદ સુધી ગયો છે. હારુન પટેલ પણ આ આંધળી દોટમાં પ્રવાસી બની ગયા છે. જાણે અજાણે સ્થળકાળના ઋણાનુબંધે જવું પડ્યું પણ એમને એનું આકર્ષણ કે મોહ નથી, ઇંગ્લેન્ડમાં વસી ગયાનો આનંદ અભિમાન કે ગર્વ નથી. જીવવા માટે દેશના કે વિશ્વના કોઈ પણ ખૂણે વસવું પડે... પણ મન અને એમનું ભીતરી વિશ્વ તો ઝંખે છે વતન...! ને એ વતનની યાદ, વતન માટેનો ઝૂરાપો.. વતનની માયા, એની માટીની ગંધનું ખેંચાણ કેટલું પ્રબળ છે એ સાંગોપાંગ પાન ૪૦ પરની ગઝલમાં ઉતર્યું છે. એમને ઇંગ્લેન્ડના બોલ્ટન શહેરની જાહોજલાલી દમામદૌર-વૈભવ- પાશ્ચાત્ જીવનશૈલી જરાય આકર્ષતાં નથી-એ તો જીવે છે જળકમળ... અને શ્વસે છે વતનની યાદને, એ યાદ આપે છે વેદનામય ઘાવ, એ ઘાવના વ્રણમાંથી દૂઝતું પરુ એટલે વતન માટેનો ઝુરાપો, રંજ, એમાં થી જન્મે છે વિહ્વળતા, જીવન નાહક વેડફી નાખ્યાનો વલવલાટ, પારાવાર રંજ આપે છે. વતનના ભાંગલા-તૂટલાં ખાટલામાં ભલે.. ડનલોપનાં ગાદલાં નથી, લુખો-સૂકો કોઇ ગામનો રોટલો-શાક ........,

ગામના ચાર માણસો ભેગા મળીને સુખઃદુઃખની આપલે કરતા હમ વતનીના મનની-દિલની મોકળાશ, હમદર્દી, એમને આજેય વતન સાથે બંધાઈ રહેવા ઉત્તેજિત કરે છે. ખેંચે છે. અને ભોગવેલી એ કેટલીક ક્ષણોની હૂંફ ઈંગ્લેન્ડની કાતિલ ઠંડીના યંત્રવત્ જીવનને ખેંચવાની તાકાત પૂરી પાડે છે.

એટલે તો હારુન પટેલ લખે છે.

જ્યારે વિહ્વળ થાય મન પરદેશમાં,
યાદ આવે છે વતન પરદેશમાં

આ વિહ્વળતા આગળ, પરદેશનો ઠાઠ-ઠઠારો, વૈભવ, ભારેખમ પાઉન્ડ, એમને રાજીપો નથી આપતો. જેવું હોય તેવું ખાટું-ખારું, કડવું-મીઠું, ટૂંકે જે કંઈ મળે, પસીનો પાડીને હળ હાંકીને મળેલો થાક, તે પર વતનનો વાસ પ્યારો લાગે છે.સીધા સાદા શબ્દોની બાનીમાં, કશાય આડંબર વિના, વતનના ઝુરાપાની વેદના, વતન ખોવાનો વલવલાટ, સાંગોપાંગ ઉતરી આવ્યો છે. આ આખી ગઝલમાં વેદના ભડકે બળે છે ભીરતમાં

દેશનું સુખચેન મૂકીને અહીં,
પામવા આવ્યો હું ધન પરદેશમાં,
દેશમાં શું લઈને જાઉં હવે,
વેડફી નાખ્યું જીવન પરદેશમાં.

વતનની એ તરસ, ઓછાપના અંશે, વિદેશમાં વસતા નાના મોટા સૌની આંખોમાં ડોકાયા વિના રહેતી નથી.. ઝુઝ અપવાદ બાદ કરીએ તો દરેક લાગણીશીલ ભારતીય જણના મનમાં વતન ખોવાના વસવસાની વતને, કમાવાની ધખનમાં યંત્ર બની દોડતો માણસ, સાંજે થાકીને લોથપોથ થઈને આવતો માણસ ઝંખે છે વતન જેવી આગતા-સ્વાગતા ! ચૂલે મૂકેલ ગરમ પાણીનું ઠામ પછી ગરમા ગરમ રોટલા-શાક, છાશ તીખું મરચુ, હમ વતનની આંખોમાં દેખાતી હૂંફ, અપનાપન, ક્યાંથી મળે વિદેશમાં ?

બધાંની આંખમાં વંચાય વેદના 'હારુન',
કોણ એવો છે અહીં કે જે બેકરાર નથી.

બેકરાર ન હોય એ માણસ જ નથી.

આમેય હારુન પટેલ ટોળાનો માણસ , સર્જન જીવતો માણસ, ખુદ્દાર, કાણાને કાણો કહી દેવાની તાકાત-હિંમત ધરાવતો માણસ. એને તો ખોબલે ખોબલે પતોના દિલનું સુખ વહેંચવું ગમે છે. મિત્રો માટે.. જાન પાથરવાની તાત્પરતા દાખવનાર એ શખ્સને સતત એક જ ફરિયાદ છે.

સાચો મિત્ર આ જગતમાં ક્યાંય પણ,
લાખ શોધો તોય મળવાનો નથી.
દોસ્તીમાં, મેલ મનમાં હોય તો,
પ્રેમનો આનંદ મળવાનો નથી.



સમજદારી ને સ્વબળે. જીવન સિંચન કરીને જીવનારા લોકોને બીજાની પ્રગતિની ઈર્ષા થતી નથી. એમ હારુન પટેલ માને છે.

મૂળથી સંવેદનશીલ ચેતાતંત્ર ધરાવનાર પોતાના સુખને વહેંચીને ખાવાથી જેમને વિશેષ આનંદ મળે છે. તેવા હારુન પટેલની દરિયાદિલીના સાગરમાં ડૂબકી મારનારને જ એમનું જીવંત સુખ માણવા મળે।

એ તો દરેક જણની આંખોમાં શોધે છે. વતનની માટીનું ખેંચાણ જે અચૂક ડોકાયા વિના ન જ રહે. આ વેદનાને વાચા આપતો શે'રઃ

દેશથી છૂટા પડેલા સૌ મળે
થાય છે સૌનું મિલન પરદેશમાં.

અને યંત્રવત્ જીવનની નક્કર વાસ્તવિકતાથી થાકી ગયેલા હારુન પટેલ કહે છે કેઃ

એ રીતે 'હારુન' હું જીવી ગયો
દેશમાં મન રાખ્યું તન પરદેશમાં

અહીં પશ્ચિમમાં લાગણી-પ્રેમ, માણસ-માણસ પ્રત્યેની મમતા, કુટુંબભાવના, હૂંફ કશુંજ નથી... એની વાત આ શે'ર માં સરસ ઉતરી આવી છે.

સૂરજ ઊગે છે છતાં અહીં સવાર નથી,
ફુલો ખીલે છે છતાં બાગમાં બહાર નથી.

કબીર અને સૂરદાસના ભજન/દોહામાં પ્રેમ-માનપાન માટે કહ્યું છે કે જે ઘરે તમારે આદર સત્કાર ન થતો હોય ત્યાં સોનાનો વરસાદ થતો હોય તો પણ કદાપિ એ ઘેર પગ ન મૂકવો. આવી જ વાત ઉજાગર કરતો સાદા સીધા શબ્દો લઈને હારુન કેટલી સરસ વાત કહે છે.

કદીએ એવી જગા પર ખુદા ન લઈ જાયે !
જીભ પર આવો, છતાં દિલમાં આવકાર નથી.
ઘણું બધું છે યુ. કે માં, એ વાત સાચી છે !
પરંતુ હેત નથી, વ્હાલ નથી, પ્યાર નથી.

હારુન પટેલનું માનવું છે કે વિદેશમાં વસતા ઘણાબધા, લાગણીશીલ માણસોનો દિલનો એક જ ખટકો કોરી ખાય છે કે વતનનું આકર્ષણ એની માટીની તલપ, ઝૂરાપો, તલસાટ, તરસ સૌને હલબલાવી નાખે છે. પ્રત્યેક જીવંત માણસને સવારથી માંડી રાત સુધી હાડ ગાળીનાખે તેવી ઠંડીમાં.. કાળી મહેનત, ધંધારોજગારની ખેવના કરવી પડે છે. એનો થાક ઉતારવા, અંગત જણની કુટુંબી જનોની-મિત્રો-સગાસંબંધીઓની ખરા દિલની લાગણી અને હૂંફની જરૂર હોય છે.પણ અહીં યુ.કેની અસરમાં આવી ગયેલા લોકો પાસેથી હવે મળવી મુશ્કેલ બનતી જાય છે.

હારુન પટેલના આ પ્રથમ ગઝલ સંગ્રહને આવકારતાં વિશેષ આનંદ થાય છે અપેક્ષા રાખીએ કે ભવિષ્યમાં બીજો સંગ્રહ લઈને સત્વરે આવે .

-ચતુર પટેલ

## તરસ રહે સલામત

ગુજરાતી ગઝલનો દીવો આજે છાતી કાઢી એનું અજવાળું પાથરી રહ્યો છે. અન્ય ભાષાઓના મુકાબલે જરા ઢીલી, નબળી-પોચી, જોમ વિનાની લાગતી આપણી ભાષાને ગઝલ ગજવેલ કરવા મથે છે. ગઝલના શેર એને 'પાણી પાઈ' પાણીદાર કરવા મથે છે ત્યારે સર્જાતી ગઝલમાં સહુ જોમ, જોસ્સો શોધે જ તેવા ભાવ વિષય અને નિરુપણવાળી ગઝલો લોકભોગ્ય અને ચલણી બનવાની સંભાવનાય ઘણી છે.

આપણી ગુજરાતી ગઝલના કસબીઓમાં જાણીતા સાથે અજાણ્યા પણ છે. શોખીનોની પંગતમાં ઉદાસીન પણ બિરાજમાન છે. દુ:ખીની જોડે સુખીઓએ જ નહીં સૂફીઓએ પણ ગઝલ કહેવામાં સંગત કરી છે. અહીં સ્થાનિકો તો છે જ અને દરિયાપારના પણ છે. આવા એક ગઝલકર્મી હારુન પટેલ એમના વતન વિયોગ અને અતીતરાગની ગઝલો લઈને આવ્યા છે. 'તરસ એક દરિયાની' નામ જ ગઝલ સર્જકના સંકેતને -દરિયા જેવડી, કદી ન છીપાય તેવી તરસનો ભાવ-સ્પષ્ટ કરે છે. આ સ્પષ્ટતા સાથે દરિયો એના સ્થૂળરુપેથી હટી જાય છે, ગુમ થઈ જાય છે. આપણી વચ્ચેથી. અહીં તરસની વિહ્‌વળતાને, એની માત્રાને, તરસ્યા રહ્યા હોવાની પીડાને ગઝલ દ્વારા કવિએ મોટા ફલકમાં મૂકવાનો પ્રયત્ન આદર્યો છે.

હું હારુન પટેલને તેમની ગઝલ પ્રીતિથી જાણું છું. તેમણે તેમના નબીઓ, આલિમો અને ફાજિલોની જેમ ગઝલકર્મીઓને ચાહ્યા, નવાજ્યા છે. જનાબ અદમ ટંકારવી સાથે રહી બ્રીટનમાં ગુજરાતી ગઝલ કવિતાના વ્યાપક પ્રસારનું કાર્ય-કરવા જેવું પાયાનું કાર્ય -તેમણે આદર્યું છે. ગઝલ પઠનના કાર્યક્રમ, ગઝલ ગાયકીનું આયોજન, અતિથિ કવિઓની ખાતરબરદાસ્ત અને વારંવાર તેમને ત્યાં થતી ગઝલગોષ્ઠી થકી ''આમળું ન અથાય તો જ નવાઈ'' ગઝલને સમજવાના વાતાવરણે હારુનને સજજ કર્યો, અને ગઝલ લખાવી જનાબ અદમભાઈની સૂઝબૂઝે. હારુન પટેલ આજે ''તરસ એક દરિયાની' સંગ્રહ લઈ આપણી પાસે આવ્યા છે.

ગઝલમાં મુંગા માણસને બોલતો અને ઉઘડતો કરવાની (બોલકો અને ઉઘાડો કરવાનીય) જન્મજાત કળા છે. આ સંગ્રહની ગઝલોમાં સર્જકનો તેજ તર્રાર મિજાજ, કોઈનીય શેહમાં ન તણાય તેવું દબંગ વ્યક્તિત્વ અર્થાત્ 'હારુનપણું' વળ ચઢીને આવ્યું છે. સંગ્રહની જ એક ગઝલના ત્રણ શેર જુઓ:



જેને પૂછો કહે મજામાં છું.
કોઈ સાચુ તો ક્યાં બતાવે છે ?

જેઓ અંદરથી સાવ ખાલી છે,
બહારથી શોર તે મચાવે છે.

ખુદ જે ભટકી રહ્યો છે વર્ષોથી
તે જ રસ્તો હવે બતાવે છે.

દેશથી દૂર રહેનારને દેશ, વતન, ગામ ઘર ખેતર, ભાઈભાંડુઓ સાંભરે, વેહેલાને, વિયોગને, વલોપાતને અભિવ્યક્ત કરવા હારુન પટેલ ગઝલને ખપમાં લે છે. પોતાની મૂંઝવણ, અસંતોષ અને આક્રોશને કવિ ગઝલના શેરમાં /મિસરાઓમાં ઘૂંટી આપણને એમનું અનુભવિશ્વ કેવું ઉઘાડી આપે છે, તેનાં ઉદાહરણ જુઓ.

છેવટે સમજણ પડી કે ખોટનો સોદો હતો,
હું ખુદાની મહેરબાનીથી સદા હસતો રહ્યો.
દોર્યું છે ચિત્ર માનવીનું દોરાતું નથી.
એ રહે છે એકલો ખૂણે બેસી,
ખુદ જે ભટકી રહ્યો છે વર્ષો થી,
તે જ રસ્તો હવે બતાવે છે.

સંગ્રહની ગઝલોમાં કવિ તેમનું એકાંત અને અંગત બરાબર ઘૂંટે છે.

તારે તો મિલન છે, મુલાકાત છે,
અમારે તો આંસુની સોગાત છે.

આ મ્હેંકે છે ચોગમ અગરબત્તીઓ
આ જુમ્મો થયો કે જુમેરાત છે.

તમે સાવ નાહકના શરમાવ છો,
તમારી નહિ આ મારી વાત છે.

સ્વની અને અન્યની પીડાને ગઝલના માધ્યમથી રજુ કરી હારુન પટેલે સંભાવનાને એક સાદુ સ્વરુપ આપ્યું છે. અહીં સર્જન શક્તિ/સ્ફુરણ શક્તિનો મહિમા છે. કેમકે, દરિયાપાર રહેતા સુખી, સમૃધ્ધ આહેય કડે લાલ એવા જણને પણ મારી તમારી જેમ અંજપોય છે અને અભાવો પણ. આ બધું વ્યક્ત કરવાની મથામણ સાથે કવિની જે સાર-માણસાઈ બહાર આવે છે તે જ ગઝલે કવિને આપેલો પુરસ્કાર. હારુન પટેલની સરખામણી સમર્થ અને સિદ્ધ પ્રસિદ્ધ ગઝલકારો સાથે નથી. પરંતુ રણમાં આપમેળે ઉગેલા અને આપબળે ઉછરેલા આછાપાતળા ઝાડવા જેવી ગઝલોને એટલા માટે આવકારીએ કે આ તરસ, આ દરિયા જેવી તરસ બોલ્ટનની સુખ સાહ્યબી વચાળે સર્જકને લાગી છે. આ તરસનું ''હોવાપણું'' 'હારુન પણામાં' ભળી મળી, ઠલવાઈ ઠલવાઈ આવે છે ત્યારે ગઝલની વ્યાપકતા અને વિસ્તાર (રેઈન્જ) સમજાય. આ સંગ્રહની ગઝલો સંભાવનાનું પ્રગટ સ્વરુપ છે. અહીં શક્યતાઓ આરંભાય છે. દિલે બેકરારીની વાતને અહીં (આ જગ મધ્યે) ગમવા નહીં ગમવાની જે વાત આ પૂર્વે છેલ્લા મોગલ બાદશાહ બહાદૂરશાહ જફરે કરી છે. તેવી જ વાત હારુન પટેલ જરા ખુલ્લા થઈ ખુલાસીને કહે છે. શેર છે :

**કેમ છો, પૂછો તો કહીએ લહેર છે 'હારુન' પણ,**
**મન હવે રમતું નથી, હસતું નથી, ગાતું નથી.**

અહીં મનને જે 'ગનાન' થયું તે, અને દુન્યવી બાબતોથી નિર્લેપ મન થતું જાય છે એ બંને વાનાં/બંને ભાવ શબ્દસ્થ થાય છે તે મુખ્ય બાબત નથી. મુખ્ય બાબત એ છે કે હારુન પટેલથી પણ બહાદૂરશાહની જેમ કહયા વિના ન જ રહેવાયું! આ રહી ન શક્યાની અનિવાર્યતા તેમની ગઝલ સર્જનની મથામણોને, તેમની નિષ્ઠાને પ્રતીષ્ઠા અપાવશે. સંગ્રહમાં લોકજીભે ચડી શકે તેવા શેર, મિસરા અને રદીફ પણ છે. 'લંકાદહન ભૂલી ગયા' તો ગઝલ કહું તથા.. જોઈ લેવાશે જેવી ગઝલો તેમના હવે પછીના ગઝલ સર્જન તબ્બકાને આરંભે છે. આ પ્રયત્ન તો શરૂઆત છે. પડાવ દૂર છે, કઠીન છે અને સજ્જ સહુ કોઈને માટે શક્ય પણ છે.

આ સંગ્રહના પ્રકાશનટાણે સર્જક હારુન પટેલની તરસ સલામત રહે કદીયે ન છીપે તેવી શુભેચ્છાઓ.

-અશોકપુરી ગૌસ્વામી



**તરસ માણસને.... તરસ દરિયાની.....**

ઓગ. ૯૭માં ''ગુજરાતી રાઈટર્સ સર્કલ -બાટલી - યુ.કે '' ના નિમંત્રણથી બ્રિટનના ત્રણ સપ્તાહના સાહિત્યિક પ્રવાસ નિમિત્તેમાર્ગદર્શન આપતો પેગામ બક્ષીબાબુ (ચંદ્રકાંતબક્ષી) એ પાઠવેલ, તેમાં હારૂન પટેલનો ઉલ્લેખ હતો.

બક્ષીબાબુને કોઈ માણસ જલ્દીથી રાસ આવી જાય તેવું બને નહીં અને જે રાસ આવી જાય તે માણસ દિલકશ, દિલચશ્પ, દિલદાર અને દિલસોઝ ન હોય એવું પણ બને નહીં. કતીલ શિફાઈના શબ્દોમાં

**વો જિનકો દેખકે દિલમેં ખુદાકી યાદ આએ**
**હમ ઉન બુતોંકા બહોત એહતરામ કરતે હૈં.**

એટલે જ હારૂન પટેલના નામથી તો પ્રભાવિત હતો જ. પણ નવસારીના મુશાયરાની ટૂંકી મુલાકાત સિવાય એમના સંસર્ગમાં આવવાનું થયેલ નથી ત્યાંજ...

૨૦૦૩ના વર્ષના અંતિમ સપ્તાહમાં એમનો પત્ર મળ્યો **''તરસ દરિયાની''** નામે પ્રગટતા તેમના પ્રથમ ગઝલસંગ્રહ માટે મારી શુભેચ્છાઓ ઈચ્છતો...

બ્રિટનમાં રહીને ગુર્જરીભાષાની ઉમદા સેવા કરી રહેલ અદમ ટંકારવી, અહમદ ગુલ, મહેક ટંકારાવી, વડીલ દીપક બારડોલીકર, પ્રફુલ્લ અમીન, માસૂમ કરોલિયા, બેદાર લાજપુરી, સેવક આલીપુરી હાસ્યકાવ્ય મુલ્લા સાહેબ, તેમજ અન્ય મિત્રો પ્રત્યે ભારે લગાવ અને લાગણી ધરાવું છું.

એટલે જ 'તરસ દિરયાની' લઈને આવેલ હારૂન પટેલ માટે પણ નિર્મળ લાગણીઓ સહીત શુભેચ્છાઓ અભિવ્યક્ત કરું છું. તેમના મને સ્પર્શી ગયેલ કેટલાંક અશ્આર આ રહ્યાં...

**બનાવટ, દંભનો પડદો હવે ચીરાય તો સારું**
**ને માણસનો અસલ ચહેરો હવે દેખાય તો સારું**

**'હારુન' યત્ન આપણું કર્તવ્ય છે ફકત**
**મળવું ન મળવું એ તો મુકદ્દરની વાત છે.**

**હસાયું છે હજારોવાર આ ભોળું હૃદય મારું.**
**હવે તો દોસ્તો ને દુશ્મનો પરખાય તો સારું**

હારૂન પટેલની સર્જન પ્યાસ વધુ તીવ્ર બનો અને નવીન આબશારો અર્પણ કરતી રહે એજ....

મુસાફિર પાલનપુરી

## ગઝલાભેર આવકાર

હું તને સરનામું આપું, સૂન ગઝલ
ગામ : બોલ્ટન, નામ છે હારૂન, ગઝલ

મૂળ છે મિયાં ને પટલાઈ કરે
મુલ્ક છો ઠંડો, ગરમ છે, ખૂન, ગઝલ

મસ્જીદોને કોટે વળગાડી ફરે
ને ઘરમમાં પણ ભળી છે ધૂન, ગઝલ

આમ તો મહાશય છે બત્રીસલક્ષણા
એ તો કેવળ એક છે અવગુન : ગઝલ

એની મોટરકાર છે ઉર્દુની ખોં
હૉર્ન ગાશે ગૂજરાતી ધૂન, ગઝલ

મનમાં ડેરાતંબુ અંગત સાંજના
ભરબપોરે એટલે સૂનમૂન, ગઝલ

ઓશિકે ઝીણું અનિશ્ચાનું ભરત
તો ય છે સપનામાં અફલાતુન ગઝલ

એ સુખનપર્વર છે સર્વે અર્થમાં
એની કવ્વાલી હવે કાનૂન, ગઝલ

ખુદને એ ખાવિંદ સમજે, યા ખુદા
આપને સમજે છે એ ખાતુન, ગઝલ

યૂં જરા સંભલકે તુમ મિલના ગલે
છે વધેલા પ્રેમના નાખૂન, ગઝલ

બંને કાનો માત્ર ને બસ ચૂપકિદી
તે ક્ષણે થઈ જાય છે નિર્ગુન ગઝલ

એ ગઝલ વાંચે છે એવા તોરથી
as if born with a silverspoon , ગઝલ

લ્યો, અમારાં બેની રાશિ કર્ક છે
ને તપે છે ગત જનમનાં પૂન ગઝલ

મુલ્લાં ગઝલુદ્દીન કહે : મિથ્યા જગત
ફાલતુ છે ફાઈલાતુન તુન ગઝલ

હરીશ મિનાશ્રુ



## ગૌરવપૂર્ણ ગઝલયાત્રાની સુંદર શરૂઆત

સતત સારી અને સાચી ગઝલ લખવાની મથામણ કરનાર પ્રતિભાશાળી શાયર કરતાં ય વિશેષ, શ્રી હારૂન પટેલને હું જિંદા દિલ, સ્વમાની અને સ્નેહાળ વ્યક્તિ તરીકે ઓળખું છું. ઇંગ્લેન્ડના લેક ડિસ્ટ્રીક્ટમાં રળિયામણા સરોવરો કાંઠે કવિના સ્વમુખે એમના આ જ સંગ્રહની હસ્તપ્રતમાંથી ડઝનેક ગઝલો સાંભળ્યાનું સ્મરણ મારી સ્મૃતિમાં કાયમ માટે સચવાઇ ગયું છે, એ મનોહારિતા જો અડધી લેક ડિસ્ટ્રીક્ટના અનુપમ સૌંદર્યના કારણે હોય, તો એમાં શ્રી હારૂન પટેલની ગઝલોની ગુંજારવનો પણ ફાળો ઓછો નથી.

નવા કવિઓને ગઝલની છેતરામણી સરળતા અને સહજસાધ્ય લોકપ્રિયતા આકર્ષે છે. આવા કવિઓ માટે શ્રી હારૂન પટેલ લખે છે.

**આ કાફિયા રદીફની ગતાગમ નથી છતાં**
**એવા ઘણા છે જેમને શાયરનો વ્હેમ છે**

એક બ્રિટનનિવાસી કવિ તરફથી આ વિધાન આવે છે, એટલે નિર્દેશ એ ગણી શકાય કે 'એવા' ભારત કરતાં બ્રિટનમાં 'ઘણા' છે. પણ શ્રી હારૂનભાઇનો 'એવા'માં સમાવેશ નથી, પછી ભલે તેઓ નમ્રતાથી એમ કહેતા હોય

**ક્યારે આવડશે ગઝલ ભાષા મને**
**ક્યાં સુધી બારાખડી ગોખ્યા કરું ?**

હવે બારાખડી ગોખવાનો નહીં, ઘૂંટવાનો સવાલ છે, શ્રી અદમ ટંકારવી અને શ્રી અહમદ ગુલ જેવા શાયરોની નિકટતા હોય, તો બારાખડી ઘૂંટાતી જ રહેશે, આપણે સૌ ગઝલ પ્રેમી શ્રી હારૂન પટેલના પ્રથમ ગઝલસંગ્રહ 'તરસ એક દરિયાની' ને બાઅદબ બામુલાયજા આવકારીએ એવી અપેક્ષા સાથે કે આ સંગ્રહ એમની કાવ્યપ્રતિભાની એકમાત્ર એકલ પ્રસ્તુતિ ન બની રહેતાં, એમની આગામી ગૌરવપૂર્ણ ગઝલયાત્રાની સુંદર શરૂઆત બને. જો એમની તરસ એક દરિયાની હોય, તો આપણી સૌ ભાવકોની તરસ પણ ખોબા જેટલી નથી.

એમને બે શેર ટાંકીને વિરમું :

**દર્દમાં જીવી જવાની વાત છે,**
**આંસુઓને પી જવાની વાત છે.**

**છાંયડો ક્યાં આપણી છે સંપતિ,**
**બે ઘડી બેસી જવાની વાત છે.**

-રઈસ મનીઆર(સુરત)

## ગઝલના બારણે ટકોરા દેતો કવિ

-'તરસ એક દરિયાની'

મૂળ ભરૂચ જિલ્લાના કાંઠી ગામના અને હાલમાં યુ.કેના બોલ્ટન શહેરમાં રહેતા હારૂન પટેલના પ્રથમ ગુજરાતી ગઝલસંગ્રહનું આ નામ છે.

હારૂન પટેલના આ ગઝલસંગ્રહમાં અતિભાવની ભીતરે સૂક્ષ્મ અભાવની તરસ અને નોસ્ટેલ્જિયા પ્રકારના ઝીણાઝીણા ઝુરાપાને સંગોપી રાખવા મથતા આયખાનો દરિયો લહેરાતો અને ઘૂઘવતો પતાય છે અને સંભળાય છે. યુ.કે. માં હું જેમને ઓળખું છું, એવા અદમ ટંકારવી, એહમદ ગુલ, પ્રેમી દયાદરવી, અને બેદાર લાજપુરી જેવા ઘણાબધા ભરૂચી અને સૂરતી વહોરા પટેલોએ આદરેલી ગઝલ પ્રવૃતિમાં હારૂન પટેલ પણ જોડાય છે ત્યારે એમને ઉમળકાભેર આવકારવાનું ટાંકણું ચૂકી જવાય તો માત્ર હારૂન પટેલની જ નહિ, સમગ્ર ગુજરાતી ગઝલ પ્રવૃતિની અવહેલના કરવાનું પાપ માથે ચડે. આમ એટલા માટે કહેવું પડે કે, હારૂન પટેલે પોતાના મનની વાત કહેવા માટે બીજે ક્યાંય નહિ ને છેક ગઝલને બારણે આવીને ટકોરા દીધાં છે, એજ એમને આવકારવાનું કારણ બને છે.

ગઝલક્ષેત્રે હારૂન પટેલનું આગમન-ઝંઝાવાતી આગમન નથી. એમણે હળવેથી પગપેસારો કર્યો છે! 'તરસ એક દરિયાની' દ્વારા ગુજરાતી ગઝલક્ષેત્રે તહલકો મચાવી દેવાનો ભ્રમ પણ એમણે સેવ્યો નથી. એમની આ સભાનતા અને સાલસતા એમને આગળ વધવામાં મદદરૂપ થશે. આમેય છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતી ગઝલ ક્ષેત્રે નવો કોઈ ઝંઝાવાત સર્જાયો જ ક્યાં છે? 'રિક્તતા, ગુલમોર, લીલુછમ, લગોલગ અને 'અડોઅડ, જેવા શબ્દો ગુજરાતી ભાષામાંથી વીણી વીણીને કે લણીલણીને આદિલ મનસૂરીએ ગઝલની ફાંટ ભરી આપી હતી, એજ ફાંટ વર્ષોથી ખભે ભેરવીને ઘણા બધા આજદિન સુધી ગઝલની ફસલ લણતા રહ્યા છે. વર્ષોથી એકધારી વપરાતી અને ઘસાઈ ઘસાઈને જર્જરિત થઈ ગયેલ એ ફાંટને બદલવાનાં થોડાક દિવસોથી પ્રયાસો થઈ રહ્યા છે. કેટલાકે તો બદલી પણ નાખી છે. વચ્ચે વચ્ચે નવા પ્રયોગો તો ઘણા બધા થતા રહ્યા છે. પણ એ પ્રયોગો જોઈએ તેવા સફળ કે કરીઠામ થયા નથી. અલબત્ત અદમ ટંકારવીએ શરૂઆત થી જ કોઈને કહ્યા વગર પોતાની મેળેજ લીમડાની ડાળે ઓઢણી સૂકવીને સાઠ વોલ્ટના ફૂલના અજવાળે ચંપા અને જીવીકાકી દ્વારા ગુજરાતી ગઝલને તળપદી વાચાળતા આપી, એ એમને લેણે ઉતરી! એ સિવાય અથવા એ પછી દલિત કહેવડાવતા કેટલાક કવિઓ દ્વારા ગઝલને સીમ-શેઢે લઈ જવાના પ્રયાસો જોવા મળે છે. પણ આ બધું પ્રવાહ બનીને એક જ દિશાએ વહેવા માંડશે તો પાછું રેઢિયાળ બની જશે.

હારૂન પટેલને એવી કશી પ્રયોગખોરીની તમા નથી. એમને તો છાતીમાં ભરાઈને કાળજું કોરતી-રૂંધાતી મનોવેદનાને વ્યક્ત કરવી છે. એ એમણે કર્યું છે. વિકસતા અને વેરવિખેર થઈ જતા સંબંધો અને સગપણોની વેદના એમણે નિકટથી ઝીલી છે. એમાં જ એ જીવ્યા છે. અને એની જ વાત એમને કરવી છે. એ એમણે કરી છે. એમાં ક્યાંક બળુકાપણું તો ક્યાંક નિર્બળતા હોય, તો એ સમગ્ર સામુહિકતા સાથે હું હારૂન પટેલને આવકારૂં છું

-ખલીલ ધનતેજવી



## મારી કેફિયત

મારું માધ્યમિક શિક્ષણ ટંકારિયા હાઈસ્કૂલમાં થયું. અભ્યાસકાળ દરમિયાન ગઝલસમ્રાટ 'બેકાર' ના ઈન્સાન માસિકમાં ગઝલો વાંચવાનો શોખ. કોકવાર ટંકારિયામાં બેકાર સાહેબ કે સીરતી જેવા કવિઓ આવે ત્યારે તેમને જોઈને ગઝલ લખવાની ઈચ્છા થાય. પણ મારો આ શોખ સર્જનમાં પરિણમે તે અગાઉ ૧૯૬૬માં સોળ વર્ષની નાની વયે હું બ્રિટન આવ્યો. અહીં ગુજરાતી સાહિત્યનું વાતાવરણ નહિંવત્. તે જમાનામાં તો ગુજરાતી સામયિક પણ જોવા ન મળે. ગઝલની ચર્ચા કરનારા પણ ઓછા વળી પરદેશમાં આવતાં જ પગભર થવાની મથામણ, પણ સદ્‌ભાગ્યે, ૧૯૭૦ પછીઅહીં ગઝલ પ્રવૃત્તિને વેગ મળ્યો. શરૂઆતમાં મેં મુશાયરાઓમાં ભાવક તરીકે હાજરી આપી તે પછી મુશાયરાઓનું આયોજન કરવાની જવાબદારી આવી. બોલ્ટન, પ્રેસ્ટન, બ્લેકબર્નમાં મુશાયરા યોજાયા.

૧૯૯૨માં ગુજરાતી આર્ટ ગ્રુપની સ્થાપના કરી. આ સંસ્થાના ઉપક્રમે મુશાયરા યોજાયા. અતિથિ કવિઓ બ્રિટન આવ્યા. તેમની સાથે સંપર્કનો લાભ મળ્યો. યુ.એસ.એ થી. આદિલ મન્સૂરી, પન્ના નાયક, પ્રીતિ સેનગુપ્તા આવ્યા. ભારતથી ડૉ. ચિનુ મોદી, મનહર મોદી, ડૉ મણિલાલ પટેલ, અશોકપુરી ગોસ્વામી, ચતુર પટેલ, ડૉ. રશીદ મીર, ખલીલ ધનતેજવી, જલન માતરી, રાજ નવસારવી, મસ્ત મંગેરા, શોભિત દેસાઈ, જવાહર બક્ષી રિષભ મહેતા, અઝીઝ ટંકારવી, હરીશ મીનાશ્રુ, કિશોર સાગર, બ્રિટન આવ્યા ત્યારે એ બધા સાથે હરવાફરવાનું થયું. સાહિત્યિક ચર્ચાઓ થઈઆનાથી મને ગઝલસર્જનની પ્રેરણા મળી.

છેલ્લાં દશેક વર્ષમાં જે ગઝલો રચાઈ તેનો સંચય પ્રગટ કરતાં આનંદ થાય છે. મારી ગઝલપ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા બદલ ઉપરોક્ત અતિથિકવિઓ ઉપરાંત બ્રિટનના કવિમિત્રો અદમ ટંકારવી, દીપક બારડોલીકર, કદમ ટંકારવી, મહેક ટંકારવી, સૂફી મનુબરી, પ્રેમી દયાદરવી, સિરાજ પટેલ, બાબર બંબુસરી, બળવંત શર્મા, અહમદ ગુલ, ઈસ્માઈલ દાજી, શબ્બીર કાજી, માસુમ કરોલિયા, મુલ્લા મનમોજી, હસન ગોરા, સેવક આલીપુરી, પ્રફુલ્લ અમીન, વિનય કવિ, બેદાર લાજપુરી, દિલીપ ગજ્જર, ડાહ્યાભાઈ પ્રજાપતિ, પંકજ વોરા, ભારતીબેન, વિપુલ કલ્યાણી, અંજુમ વાલોડી, યોગેશ પટેલ આદિનો ઋણસ્વીકાર કરું છું.

આ પ્રવૃત્તિમાં મને મારા કુટુંબીજનોની પણ હૂંફ અને સહકાર મળ્યા છે, તેની સહર્ષ નોંધ લઉં છું. મારી પત્ની ફાતીમા ઉપરાંત અનીસ-રઝીયા, અનીસા, શફિકા, હુમયરા, હમઝા, ઈકરામ, આદિલ, સાકિરા, મારી બહેનો અને બનેવીઓએ પણ મારી પ્રવૃત્તિમાં હંમેશા રસ લીધો છે. અમદાવાદ સ્થિત આચાર્ય યાકુબ પટેલ કોઠીવાલા, હાફિજ યાકુબ અને દરબાર ઈબ્રાહિમ કાધલીવાલા પણ મારી ગઝલોના ચાહક છે.

આ! ઉપરાંત મારા બ્રિટનના મિત્રો અલીભાઈ ત્રાલસા-કોઠીવાલા, મામા ઐયુબ બદાત, ઈબ્રાહિમ મેમ્બર, યુસુફ મેમ્બર, બાબુભાઈ માસ્તર, ઈકબાલ અહમદ માસ્તર, ડૉ. કુમાર, મીસીસ કુમાર, ડૉ. સુરેશ પરીખ, ડૉ. પ્રસાદ, સૌનો અને મારા ગામના મારા સ્નેહી ચાહકમિત્રોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

હારૂન પટેલ
બોલ્ટન
નાતાલ ૨૦૦૩



# તરસ એક દરિયાની

– હારૂન પટેલ

'હારૂન' આવે છે વતનની યાદ અજાણ્યા શહેરમાં
કેમ અચાનક સાંભરણના વાદળો મંડરાય છે ?

હસતો ચહેરો રાખીને ફરતા રહ્યા પરદેશમાં
પણ વતનની યાદથી લ્યો, આંખ આ ભીંજાઇ ગઇ

આજ હું શ્વાસને છોડું તો જગત શું કહેશે ?
જલ્દી ચાદરને લપેટું તો જગત શું કહેશે ?

જેની હૈયે જ ભરી રાખી મેં પ્રીત સદા
એને ભરબજારે ભેટું તો જગત શું કહેશે ?

મારા અવશેષમાંજ બાકી ફક્ત શબ્દો છે
એને ફૂલોથી લપેટું તો જગત શું કહેશે ?

પ્યાર એનો જ છે જીવનમાં, જે બાકી રહેશે
એ બચાવેલને ત્યાગું તો જગત શું કહેશે ?

જીવતા જીવતરે અંતર હતું જ્યારે મિત્રોને
પણ જનાજે પડે છેટું તો જગત શું કહેશે ?

ખુંમારીને લીધે 'હારૂન' તું અડગ રહ્યો
આમ ગરદન ત્યાં ઝુકાવું તો જગત શું કહેશે ?





વાતનું પાછું વતેસર થાય તો કહેવાય ના
વાતમાંથી વાત પેદા થાય તો કહેવાય ના

પ્રેમ એ તો બંધ લિફાફાના જ જેવો છે સનમ
એ હૃદયની આંખ વિના તો કદી વંચાય ના

માર્ગમાં સામે મળે તો એ ઝુકાવે છે નજર
એમની આ દિલ્લગી કોઇને પણ કહેવાય ના

ઈન્તેજારે આપના ફૂલો સુકાયાં બિસ્તરે
યુગ જેવી થાય પળ, રાત કેમે જાય ના

જાળ બિછાવી મિત્રોએ સ્નેહના લિબાસમાં
મહેરબાની છે ખુદાની વાળ વાંકો થાય ના

જોઇ લીધો સાર મેં તો મિત્રતાને આ જગે
પરલોકમાં પણ શું થશે 'હારૂન'ને સમજાય ના

લાખ લોકો હોય છે ને લાખ કારણ હોય છે
વાઘને માટે તો બકરી ફકત મારણ હોય છે

દેશ મારો છે હજી પણ ચાહવા જેવો જ છે
ત્યાં જવાની હમવતનની હૈયાધારણ હોય છે

હું તમન્ના ચાહવાની રાત દિ' કરતો રહ્યો
ચાહવાની ક્ષણ ખરેખર તો વિકટ ક્ષણ હોય છે

જાળમાં સપડાઈ તેથી તરફડે છે માછલી
આપણા તરફડાટનું પણ એજ કારણ હોય છે

છળકપટ છલનાની વાતો છોડવામાં સાર છે
દુઃખના કારણમાં ઈચ્છા એ જ તારણ હોય છે

તેં સંબધો સાચવ્યા 'હારૂન' તેથી શું મળ્યું ?
એમ સમજાયું તને કે પાણીમાં રણ હોય છે

ચાહો જો દિલથી તો આવી મળે છે
દેખીને આંખો નાજુક ઢળે છે
પરદો ઉઠાવીને જોયું અમે તો
તમારાથી જે મહેફિલ ઝળહળે છે





તખ્તને કે તાજને પણ એ તો ઠુકરાવી શકે
તારા દિવાનાને જગમાં કોણ લલચાવી શકે ?

હોય જે ભટકેલ તે રસ્તો શું બતલાવી શકે ?
પોતે ઝાંખો છે તે બીજાને શું ચમકાવી શકે ?

સાવ ખુલ્લી થઈ ગઈ છે પેંતરાબાજી હવે
લાખ કોશિષ કર પરંતુ તું નહિ ફાવી શકે

સેંકડો માણસ છતાં વાતાવરણ નીરસ રહે
એક તારી હાજરી મહેફિલને ગરમાવી શકે

જેના દિલમાં પાકી શ્રદ્ધા છે અને પાકું યકિન
એવો એક જ માનવી લાખોને હંફાવી શકે

એક ડગલું ભરતા ભરતામાં તું હાંફી જાય છે
આ જમાનાની ગતિને તું શું અટકાવી શકે

ચેતજો એ માનવીના રૂપમાં શેતાન છે
મીઠા મીઠા શબ્દોથી જે તમને ભરમાવી શકે

એ દિવસને રાત કહે છે, રાતને કહે છે દિવસ
એ અવળચંડાને અહિંયાં કોણ સમજાવી શકે ?

હા, ભલેને દુશ્મનો કંટક બિછાવે રાહમાં
હો નસીબ બળવાન તેને કોણ અટકાવી શકે ?

દિલ અગર નફરત ભરેલું હોય જો 'હારૂન' તો
પ્રેમનો સંદેશ શું દુનિયામાં ફેલાવી શકે ?

આગમન તારું આ આંગણાને સજાવી જાય છે
પણ પછીથી આગ આ દુશ્મન લગાવી જાય છે

લાખ સજદાથી મેં આ જીવન બનાવ્યું છે અમર
કોણ આવી એને ચિનગારી લગાવી જાય છે

યાદ એને કોઈપણ આજે હવે કરતું નથી
જે રડીને પોતે બીજાને હસાવી જાય છે

દોસ્તી ને પ્રેમ એ કહેવાની વાતો છે ફકત
સ્વાર્થ સામે દોસ્તીને પણ ફગાવી જાય છે

આગમાં ઈર્ષ્યાની દિલ તો થઈ ગયું કાળું હવે
'આયના ને કેમ તું ઘરમાં સજાવી જાય છે

સાથ હો કુદરત તણો  તો કોઈની પરવા નથી
રાહજન  આવીને રસ્તો ખુદ બતાવી જાય છે

જ્ઞાનીઓ પણ છે ઘણા ઉપદેશકોય છે ઘણા
કિન્તુ શેતાનો અહીં હલચલ મચાવી જાય છે

છે નિખાલસતાથી 'હારૂન' જેનું જીવન તરબતર
એ જ બીજાના જીવનને પણ સજાવી  જાય છે





જે રીતે વાદળની પાછળ ચાંદની છુપાય છે
તેમને જોઇ હવે તું એ રીતે શરમાય છે

ભૂરીભૂરી આંખ એની જ્યારે પણછલકાય છે
હું નથી પીતો છતાં મારાથી એ પીવાય છે

હીરા મોતી ઝળહળે કે સોના ચાંદીની ચમક
તારા દિવાના વળી ક્યાં કોઈથી અંજાય છે

છે કલંક એવા જ લોકો કોમના માથા ઉપર
એક ખુરશી માટે જે સ્વમાન વેચી ખાય છે

એ ભરોસો રાખી તારા હાથમાં સોંપી દીધું
મારું નાજુક દિલ હવે તારાથી ક્યાં સચવાય છે

તારા કોમળ હાથ ઉપર મારા લોહી જેવો રંગ
આવ બતલાવું કે મ્હેંદી કઈ રીતે મૂકાય છે.

હું ફરેબોની કદી યે વાત તો કરતો નથી
એ રીતે પણ દોસ્તોની આબરૂ સચવાય છે

છે બગલમાં તો છુરીને એના મુખમાં રામ છે
એવા માણસની યે અહિંયા બોલબાલા થાય છે

દુશ્મનોની સામે તો ફરિયાદ શું કરવી હવે
મારી પડતી જોઇને આ દોસ્તો હરખાય છે

થઇને બેપરવા ભલે ને ફેરવી લે એ નજર
તે છતાં 'હારૂન' તો એના તરફ ખેંચાય છે

બનાવટ દંભનો પડદો હવે ચિરાય તો સારું
ને માણસનો અસલ ચહેરો હવે દેખાય તો સારું

વડીલોનુંય અહિંયા માન જો સચવાય તો સારું
હવે તારા ને જ તારી વાત જો સમજાય તો સારું

અમારા માળા સાથે તારુ ઉપવન પણ જલી જાશે
હવે આ ધુંધવાતી આગ ઠંડી થાય તો સારું

જો બે બિલ્લી લડે તો એમાં ત્રીજો વાંદરો ફાવે
ઈશારામાં તમોને વાત આ સમજાય તો સારું

ઠગાયું છે હજારોવાર આ ભોળું હૃદય મારું
હવે તો દોસ્તો ને દુશ્મનો પરખાય તો સારું

ગણ્યા પોતાના તેઓ શત્રુને ખોળે જઈ બેઠા
હવે તો એમની સજ્જનતા પણ ઓળખાય તો સારું

છે રૂ જેવું જીવન ડગલે ને પગલે એમાં ખતરો છે
જમાનો બેવફા છે ચેનથી જીવાય તો સારું

થશે બદનામ જગમાં તૌબાની તૌફિક પણ મળશે
એ કાળા કરતૂતોનો ભેદ ખૂલી જાય તો સારું

સિકંદરનો ઘણાને વ્હેમ છે દુનિયામાં આજે તો
હવે આ વ્હેમની કોઈ દવા શોધાય તો સારું

એ રૂબરૂ ના મળે તો ખ્વાબમાં તો જોઈ લઉં એને
હવે 'હારૂન' મારી આંખ આ મીંચાય તો સારું





દુશ્મનોને પણ દગાથી મારનારો હું નથી
પીઠની પાછળથી ખંજર ભોંકનારો હું નથી

હોય કડવી તોય સાચી વાત તો કહેવી પડે
હાજી હા, થી સર્વને ખુશ રાખનારો હું નથી

હું જ ખુદ નક્કી કરું છું મારા જીવન રાહને
કોઈ બીજાના ઈશારે નાચનારો હું નથી

કોમને લીડર લડાવે છે નજીવી વાતમાં
એ રીતે બળતાં મહીં ઘી હોમનારો હું નથી

પ્યાર નિર્ધનથી મગર નફરત નથી શ્રીમંતથી
ઝુંપડા તોડીને મ્હેલે મ્હાલનારો હું નથી

છેવટે પચાવી ગયા લાડુ હક દબાવી કોમનો
હક ડુબાડી કોઈનો દિલ દુભાવનારે હું નથી

એ ખરું હું એકલો છું તો યે હું 'હારૂન' છું
કોઈ પણ કારુન પાછળ ચાલનારો હું નથી

●

તારુ જ ગાણું ગાય છે એ જિન્દગી નથી
મનમાં જ તું ફુલાય છે એ જિન્દગી નથી

ભૂખ્યા મરે છે તેમનો યે કર જરા ખયાલ
તું પેટ ભરીને ખાય છે એ જિન્દગી નથી

તું કેટલો અણમોલ છે એ તો જરા સમજ
બે કોડીમાં વેચાય છે એ જિન્દગી નથી

શૂરવીર જો હોય તો પછી પર્વતની સામે લડ
તરણાની સામે થાય છે એ જિન્દગી નથી

છે મર્દની એ શાન કે હસતો રહે સદા
આસું મહીં રેલાય છે એ જિન્દગી નથી

'તારા જ શબ્દની તને ખુદ ને નથી કદર
બોલીને ફરી જાય છે એ જિન્દગી નથી

લે બેસ દિલનો બોઝ તું હળવો કરીને જા
મનમાં જ તું ગૂંઝાય છે એ જિન્દગી નથી

જોડી શકે તો જા કોઈના હૃદયને જોડ
બેને લડાવી જાય છે તે જિન્દગી નથી

'હારૂન' જોઈ દૂરથી ખોટા ન કર ખયાલ
જાહેરમાં દેખાય છે તે જિન્દગી નથી

●





●

એ લાખ કરે કોશિષ છતાં દંભનો પડદો ચીરાઈ જશે
જ્યારે હું બુકાની છોડીશ તો અસલી ચહેરો પરખાઈ જશે

તુફાની રંગોને કહી દો કે ધમપછાડા રહેવા દે
જો નાવ અમારી ડૂબી તો આખો દરિયો ડહોળાઈ જશે

નાદાન સમજ આ ઉપવનને ઉજ્જડ કરવાનું રહેવા દે
મારા તરણાની સાથે તારો માળો પણ પીંખાઈ જશે

આ કાચના ઘરમાં રહેનારા એ વાત કદી ભૂલીશ નહીં
એ ચૂરેચૂરા થઈ જાશે પથ્થર જો કદી ફેંકાઈ જશે

તું આંખ મીલાવીને સામે વાતો કરવાનું રહેવા દે
ઝળહળતો સૂરજ છું હું તો આંખો તારી અંજાઈ જશે

કેડી હું નવી પાડીશ અહિંયા એવી નાહકની જીદ્દ ન કર
ફૂંકાશે હવા જો તેજ કદી તુજ પગલાં બધાં ભૂસાઈ જશે

મુજ નામ મિટાવી દેવાને, નાહક તું ફાંફા માર નહિ
અશઆર રહેશે યાદ સદા 'હારૂન' ભલે ભુલાઈ જશે

●

કાચને પણ હીરામોતી માં ખપાવી જાય છે
એ હથેળીમાં મને ચાંદો બતાવી જાય છે

કાલ તક જેને નહોતી વાત કરવાની તમીજ
ભાષણોથી તે સભાઓને ગજાવી જાય છે

આભથી ખરતો સિતારો જોઉં હું ત્યારે મને
દોસ્તોની બેવફાઇ યાદ આવી જાય છે

જેમણે કીધા જીવનભર આબરૂના કાંકરા
તેજ આવીને કબર પર ફૂલ ચઢાવી જાય છે

એમના પગ આખરે થઈ જાય છે લોહીલુહાણ
જે બીજાની રાહમાં કંટક બિછાવી જાય છે

અન્યને સુણવાની અહિંયા કોઈને ફુરસત નથી
પોત પોતાની કહાણી સૌ સુણાવી જાય છે

મોતનો ડર એમના દિલમાં કદી હોતો નથી
જિન્દગીમાં ઝેરને જેઓ પચાવી જાય છે

તેમને 'હારૂન' સુગંધીનોય હક રહેતો નથી
લોહી સીંચીને જે ઉપવનને સજાવી જાય છે





જૂઠ બોલીને હળાહળ કોઈ શરમાતું નથી
છીંછરા લોકોનું પણ પાણી હવે માતું નથી

તું ભલે ને વહાણ રેતીમાં ચલાવે તે છતાં
એવી પોકળ વાતથી તો કોઈ ભરમાતું નથી

પાંચમાં તું બે ઉમેરે ને પછી બાવન કરે
માફ કર તારું ગણિત અમને તો સમજાતું નથી

માથું ઊંચકે છે જે પરપોટો તે ફૂટવાનો જરૂર
છે લખેલું ભીંત પર તે કેમ વંચાતું નથી

માન મોભાની મને નાહક તું લાલચ આપ ના
નાનું બાળક પણ હવે એનાથી લોભાતું નથી

માનનો ભૂખ્યો થઈને જે ફરે છે ચોતરફ
એવા માણસનું કદીએ માન સચવાતું નથી

એટલે ખુશીઓનો સરવાળો કદી થાતો નથી
એકને ખુશ જોઈ ને બીંજુ જો હરખાતું નથી

સંતની સોબતમાં બેસીને નરમ તું થઈ ગયો
એટલે તારાથી 'હારૂન' કોઈ ગભરાતું નથી

તારું પાણી અહીં મપાય છે હવે તો સમજ
તું કિનારે જ ડૂબી જાય છે હવે તો સમજ

થઇને નાદાન ઝઘડતા રહે છે બે જણ તો
કોઈ ત્રીજો જ ફાવી જાય છે હવે તો સમજ

હોય છે ખાલી ચણો એજ તો વાગે છે ઘણો
આ અધૂરો ઘડો છલકાય છે હવે તો સમજ

એકનો એક લવારો કરે છે વર્ષોથી
જીભ આ લોચો વળી જાય છે હવે તો સમજ

કેમ અકડીને તું ચાલે છે આ ધરતી ઉપર
ટાંટિયા તારા ભજન ગાય છે હવે તો સમજ

લાખ કોશિશ તું કરે એને પામવા માટે
દુનિયા ક્યાં કોઈનીય થાય છે હવે તો સમજ

કેમ તું લઇને ફરે છે આખા જગતનો બોજો
ભાગ્યમાં હોય છે તે થાય છે હવે તો સમજ

માથું ઊંચકે છે જો 'હારૂન' કોઈ પરપોટો
તો એ પળમાં જ ફૂટી જાય છે હવે તો સમજ





એક ઈશારામાં જ આખી વાત જો સમજાઈ ગઈ
સાંભળી મારી ગઝલ આખી સભા હરખાઈ ગઈ

છેવટે સમજણ પડી કે ખોટનો સોદો હતો
એક ખુરશી પામવામાં જિન્દગી ખર્ચાઈ ગઈ

એને આ જાલિમ જમાનાની નજર લાગી ગઈ
પ્રેમની નાજુક કળી ખીલ્યા વગર કરમાઈ ગઈ

હું ખુદાની મહેરબાનીથી સદા હસતો રહ્યો
ભર બજારે દુશ્મનોની આબરૂ લુંટાઈ ગઈ

વાંકી ટોપી છે જુઓ, પરચો બધો છે પાઉન્ડનો
જોતજોતામાં જ એની ચાલ પણ બદલાઈ ગઈ

હસતો ચહેરો રાખીને ફરતા રહ્યા પરદેશમાં
પણ વતનની યાદથી લ્યો આંખ આ ભીંજાઈ ગઈ

જાતને પોતાની તો તું છેતરી શકતો નથી
તારી ચાલાકીઓથી દુનિયા ભલે ભરમાઈ ગઈ

આપણા માથે મુસિબત જો પડી 'હારૂન' તો
એક પળમાં દોસ્તી ને દુશ્મની પરખાઈ ગઈ

છે ધૂળનું ઢેકું છતાં પથ્થરનો વ્હેમ છે
અદનો છે આદમી ને સિંકદરનો વ્હેમ છ

ખાબોચિયું છે એ તો હકીકતમાં તે છતાં
ઘૂઘવે છે એમ જાણે સમંદરનો વ્હેમ છે

ખુદના જ ઘરના માર્ગની જેને નથી ખબર
ભૂલા પડી ગયેલને રાહબરનો વ્હેમ છે

આ કાફિયા રદીફની ગતાગમ નથી છતાં
એવા ઘણા છે જેમને શાયરનો વ્હેમ છે

પડછાયો જોઈ ખુદનો ડરી જાય જે 'હારૂન'
ડરપોક માનવીને પણ બાબરનો વ્હેમ છે





જ્યારે તું પોતે જ ખોવાઈ જશે
તો વફાનો અર્થ સમજાઈ જશે

આ કલમ કાગળની એને શી જરૂર
લાગણી આંખોમાં વંચાઈ જશે

વાત શું કરવી તણખલાની અહીં
આખે આખો માળો પીખાઈ જશે

માનવી સાચે જ મુફલિસ થઈ જશે
દિલની દૌલત જ્યારે લુંટાઈ જંશે

સ્મિત ફરકે ને પછી પાંપણ ઢળે
એ રીતે સમ્બન્ધ ચર્ચાઈ જશે

તારો પાલવ હાથથી સરકી જશે
ને પછી આ આંખ ભીંજાઈ જશે

ખાલી શબ્દોના નર્યા ઘોંઘાટમાં
આ ગઝલનો સૂર રૂંધાઈ જશે

આમ તો 'હારૂન' બસ આઝાદ છે
પ્રેમથી કહેશો તો બંધાઈ જશે

સૂર્યથી અંજાઈને આખું ગગન ભૂલી ગયા
માર્ગમાં અટવાઈને એનું સદન ભૂલી ગયા

એક બે ફૂલોથી લોકો રાજી રાજી થઈ ગયા
ફૂલ લઈ ફરતાં રહ્યાં આખું ચમન ભૂલી ગયા

યુ.કેની રંગીન બજારોમાં એ ખોવાઈ ગયા
રાત દિવાના આ તારી અંજુમન ભૂલી ગયા

કોને ફુરસદ છે કે બે લીટીનો કાગળ પણ લખે
દોસ્તોને જે દીધેલું તે વચન ભૂલી ગયા

રાતદિન કરવા મથે છે મારી ઈજ્જતનું હરણ
લાગે છે એ રાવણો લંકા દહન ભૂલી ગયા

છે ઘણા એવા કે જેને ભાન ખુદનું પણ નથી
શું શિકાયત એની કરવી કે વતન ભૂલી ગયા

હા, અચાનક વીજ પડી 'હારૂન' બસ એ યાદ છે
એ નજર, એ સ્મિત, એ સુંદર વદન ભૂલી ગયા





કોઈના કાચા સ્વપના તૂટે
જીવન જીવની ભ્રમણા તૂટે

કાચા તૂટે, પાકા તૂટે
કોઈના આખે આખા તૂટે

હું જો તૂટી જાઉં પછી તો
ભલેને આખી દુનિયા તૂટે

જ્યારે જ્યારે આયના તૂટે
આયના સાથે ચહેરા તૂટે

પરપોટા થઈ થઈને 'હારૂન'
લાગે છે કે દરિયા તૂટે

સૂરજ ઊગે છે છતાં પણ અહીં સવાર નથી
ફૂલો ખીલે છે છતાં બાગમાં બહાર નથી

શરમથી હા,ન કહે તો એ વાત જુદી છે
કહે છે એવી રીતે ના કે એ નકાર નથી

વિજયના નાદમાં નાચી રહ્યો છે તું તો હરીફ
સમજ આ તારા વિજયમાં અમારી હાર નથી

હવાથી પાન હલે ને તારું આગમન લાગે
કહે છે કોણ મને તારો ઈન્તેજાર નથી

ઘણું બધુ છે યુ.કે. માં એ વાત સાચી છે
પરંતુ હેત નથી, વ્હાલ નથી, પ્યાર નથી

કટીએ એવી જગા પર ખુદા ન લઈ જાયે
જીભ પર આવો છતાં દિલમાં આવકાર નથી

બધાનીઆંખમાં વંચાય વેદના 'હારૂન'
કોણ એવો છે અહીં કે જે બેકરાર નથી





દોસ્ત તું જે બોલતા શરમાય છે
તે જ તારી આંખમાં વંચાય છે

ફુલ ઉપર જે રીતે ઝાકળ પડે
એ રીતે સાકી મદીરા પાય છે

હોઠ ઉપર છે લવારા રાતદિન
નામ તારું ક્યાં હવે લેવાય છે

એકેએક માણસ અહીં તીરમારખાં
કોઈને પણ ક્યાં કશું કહેવાય છે

એ નિખાલસ માનવી ક્યાં શોધવો
જે બીજાને જોઈને હરખાય છે

એ જ પથ્થર થઈને તમને વાગશે
પોચા રૂ જેવો ભલે દેખાય છે

પીઠ પહેલાં થાબડે છે ને પછી
પીઠમાં ખંજર હુલાવી જાય છે

પહેલાં કહેવાતો હતો પંચાતિયો
કોમનો લીડર હવે કહેવાય છે

છે દયા માલિકની 'હારૂન' પર
કેમ તારા પેટમાં ચૂંક થાય છે

ગમે તેવી ખોટી કમાણી કરી લે
પછી આકબત ધૂળધાણી કરી લે

નર્યું ઝેર ટપકી રહ્યું આંખમાંથી
ગમે તેવી મીઠી તું વાણી કરી લે

મુકદ્દરથી ઝાઝું નહિ મેળવે તું
ગમે તેટલી ખેંચતાણી કરી લે

અહીં પૂરૂ ક્યાં મહેનતાણું મળે છે
ભલે તારા લોહીનું પાણી કરી લે

બધી યાદો 'હારૂન' ભેગી કરીને
તું એકાંતમાં પણ ઉજાણી કરીલે





જે બધાને મૂરખ બનાવે છે
આ જમાનામાં એ જ ફાવે છે

એ રડે એકલો ખૂણે બેસી
જે બધાને અહીં હસાવે છે

જેને પૂછો કહે મજામાં છું
કોઈ સાચુ તો ક્યાં બતાવે છે

રડતી બૈરી અને આ હસતો પુરુષ
ભલભલાને અહીં ફસાવે છે

જેઓ અંદરથી સાવ ખાલી છે
બહારથી શોર તે મચાવે છે

ખુદ જે ભટકી રહ્યો છે વર્ષોથી
તે જ રસ્તો હવે બતાવે છે

ખુદ ગાજે છતાં વરસે જ નહિ
એવી રીતે સભા ગજાવે છે

અહીંયાં એવા છે જાદુગર 'હારૂન'
રેતમાં નાવ જે ચલાવે છે

તરસ એક દરિયાની

સપનાની વાત સાચી પડે તો ગઝલ કહું
તારી કશેક ભાળ મળે તો ગઝલ કહું

અજવાસ આ કેવો કે દઝાડે છે રોમરોમ
સૂરજ આ અવદશાનો ઢળે તો ગઝલ કહું

કરવી છે મારે વાત વિગતવાર જખ્મની
દિલમાં જરાક દર્દ વધે તો ગઝલ કહું

જીવનના સીધા સાદા સવાલોમાં રસ નથી
પ્રશ્નોમાં જરા ગૂંચ પડે તો ગઝલ કહું

દૌબારા, વાહવાહનો ઘોંઘાટ શું કરું
દિલથી કોઈ ઈર્શાદ કહે તો ગઝલ કહું

મારું તમારું એમનું છે દર્દ આ દિલમાં
આ દર્દથી રાહત જો મળે તો ગઝલ કહું

દુર્ભાગ્ય મારું એવું કે તું તો મળી નહીં
તારા જ જેવું કોઈ મળે તો ગઝલ કહું

'હારૂન' સમી સાંજમાં અંધારું થઈ ગયું
યાદોના દીપ દિલમાં જલે તો ગઝલ કહું





તું ભલે આજે સમજવાનો નથી
પણ મફતનો માલ પચવાનો નથી

દોસ્તીમાં મેલ મનમાં હોય તો
પ્રેમનો આનંદ મળવાનો નથી

તું ભલે આકાશમાં ઊડતો ફરે
હું કદી ઈર્ષ્યાથી બળવાનો નથી

સાચો મિત્ર આ જગતમાં ક્યાંય પણ
લાખ શોધો તોય મળવાનો નથી

હું તો બસ 'હારૂન' જે છું એજ છું
રંગ મને દુનિયાનો ચઢવાનો નથી

*

હસતાં હસતાં આંસૂઓનું પી જવું
કેટલું અઘરું તને ભૂલી જવું

આજના સંજોગમાં સહેલું નથી
હસતા હસતા ફૂલ જેમ ખીલી જવું

કોઈને વરસાદ છબછબિયાં સુધી
કોઈને ભીતર સુધી પલળી જવું

તારી પાસે દિલ રહે કે આઈનો
શક્ય છે બંન્નેયનું તૂટી જવું

આમ તો 'હારુન' આવો ના તમે
આવતાં જાતાં ખબર પૂછી જવું

●





*

લાગે દરિયા જેવો માણસ
આખેઆખો પ્યાસો માણસ

સંપૂર્ણ માણસ ક્યાં મળવાનો
થોડો જનાવર થોડો માણસ

સ્વાર્થમાં પૂરો પાકો માણસ
પ્રેમની બાબત કાચો માણસ

ઘરની વચ્ચે સીધો ચાલે
રસ્તે વાંકોચૂકો માણસ

મોતનો શું 'હારૂન' ભરોસો
પાણીનો પરપોટો માણસ

મેઘ ગરજે પણ ખરો
ક્યારેક વરસે પણ ખરો

આજે રિસાઈ ગયો
કાલ મળશે પણ ખરો

હો બધું પાસે છતાં
જીવ ભટકે પણ ખરો

શક્ય છે સામે મળે
રસ્તો બદલે પણ ખરો

'હારુન' એના ઘર કને
સ્હેજ અટકે પણ ખરો

ચગાવીને પતંગો હું જીવનને જોઈ બેઠો છું
લડાવી પેચ જીવનમાં પતંગો ખોઈ બેઠો છું
પતંગ લૂટી ગયા તે ઠીક, ફીરકી લઈ ગયા લોકો
હું એવી ચાલબાજી જોઈ 'હારૂન' રોઈ બેઠો છું





દર્દમાં જીવી જવાની વાત છે
આંસુઓને પી જવાની વાત છે

છાંયડો ક્યાં આપણી છે સંપત્તિ
બે ઘડી બેસી જવાની વાત છે

બેવફા મિત્રોને શું કહેવું હવે
એ બધું ભૂલી જવાની વાત છે

પહેલાં જેવો ક્યાં હવે વરસાદ છે
ક્યાં હવે પલળી જવાની વાત છે

હોઠ પર 'હારૂન' જૂદા શબ્દ છે
આંખથી પામી જવાની વાત છે

જગમાં તો તું આવ્યો હતો ઈન્સાન બનીને
નિર્દોષને પજવે છે કાં શૈતાન બનીને

જાવું પડ્યું છે અહીંથી સિકંદરને ખાલી હાથ
સમજે છે તારા મનમાં શું ધનવાન બનીને

જાણું છું તારી આંખમાં લુચ્ચાઈ રમે છે
મિત્રોને છેતરે છે તું નાદાન બનીને

ગઈકાલ જે જગ્યાએ મારુ ઘર ઊભુ હતું
આજે એ જગ્યા ઊભી છે મેદાન બનીને

'હારૂન' મહેરબાનીનો વિશ્વાસ ના કરીશ
લૂંટી જશે એ તુજને મહેરબાન બનીને





મારી ઈચ્છા જ્યાં જવાની હોય છે
એ તરફ દુનિયા દીવાની હોય છે

મારી બદનામી અમસ્તી તો નથી
મિત્રોની એ મહેરબાની હોય છે

તું જવાની પર ઘમંડ શાનો કરે !
ચાર દિવસની જવાની હોય છે

મિત્રોને ઓળખવા મુશ્કેલ છે હવે
સૌના ચહેરા પર બુકાની હોય છે

સાચવો 'હારૂન' એને પ્રેમથી
જિંદગાની જિંદગાની હોય છે

તમારે મિલન છે મુલાકાત છે
અમારે તો અશ્રુની સોગાત છે

આ મ્હેંકે છે ચોગમ અગરબત્તીઓ
આજ જુમ્મો થયો કે જુમેરાત છે

તમે સાવ નાહકના શરમાવ છો
તમારી નહિ આ મારી વાત છે

મારી આંખોમાં વસે તું છે સદા
મારા મનમાં તારો વલોપાત છે

અહિં ચેન દિલને ઘડી બે ઘડી
અજંપો તો 'હારૂન' દિન રાત છે





રસ્તો તો છે ઈચ્છા પાસે
મંજિલ ક્યાં છે રસ્તા પાસે

અહીંનું સઘળું અહીં રહેવાનું
શું લેવાનું દુનિયા પાસે

ખુદને સતત ઓળખવા માટે
આયનો રાખો ચહેરા પાસે

કોઈનો ચહેરો આંખમાં રાખો
હેતને રાખો હૈયા પાસે

જીવનભરની પ્યાસ લઈને
હું ઊભો છું દરિયા પાસે

કહી દેજો 'હારૂન' મળે તો
ઊભો હું દરવાજા પાસે

*

તમને તો ભાર લાગશે બિસ્તરની વાત છે
મારે તો ફક્ત એકલી ચાદરની વાત છે

જાહેરમાં કદી વાતની ચર્ચા નહિ કરો
આ આપણી તકરાર તો અંદરની વાત છે

દુનિયાના લોક જોઈને રાજી થશે બધાં
ઘરમાં જ દાબી રાખજો આ ઘરની વાત છે

ક્યારેય એને ઘર સુધી ના લઈ જશો તમે
જે કંઈ થયું, એ ગામના પાદરની વાત છે

'હારૂન' યત્ન આપણું કર્તવ્ય છે ફક્ત
મળવું ન મળવું એ તો મુકદ્દરની વાત છે

●





*

મિત્રો તારી યાદ અપાવે
બેઠાં સૂતાં દિલને દુભાવે

એ સૌ ચાલ્યા જાય પછી તો
તારી યાદ વધારે આવે

જૂઠી દુનિયા જુઠા લોકો
સારો માણસ કદી ન ફાવે

સૂરજ થઈને ફરે નગરમાં
એને કહી દો રાતે આવે

'હારૂન' તારી વાત કરીને
કોઈ મને આવી ભરમાવે

●

દુશ્મનોથી દોસ્તી રાખો નહિ
દોસ્તોથી દુશ્મની રાખો નહિ

આમ તો વિશ્વાસ સચવાશે નહિ
દિલમાં આડી લાગણી રાખો નહિ

આવતાં સંકોચ થાશે કોઇને
આંગણાંમાં ચાંદની રાખો નહિ

ઘરને બાળી નાંખવાનો ભય રહે
ઘરમાં એવી રોશની રાખો નહિ

ઓળખી લો હું જ તો 'હારૂન' છું
દિલમાં શંકા કે બદી રાખો નહિ





જ્યારે વિહ્વળ થાય મન પરદેશમાં
યાદ આવે છે વતન પરદેશમાં

દેશનું સુખચેન મૂકીને અહીં
પામવા આવ્યો છું ધન પરદેશમાં

દેશમાં શું લઇને હું જાઉં હવે
વેડફી નાખ્યું જીવન પરદેશમાં

દેશથી છૂટા પડેલા સૌ મળે
થાય છે સૌનું મિલન પરદેશમાં

એ રીતે 'હારૂન' હું જીવી ગયો
દેશમાં મન રાખ્યું તન પરદેશમાં

હરપળે ચહેરો બદલતું રૂપ સમજાતું નથી
દોરવું છે માનવીનું ચિત્ર દોરાતું નથી

તેની અંદર ચેન ને સંતોષ હોવા જોઈએ
ઈંટ પથ્થરથી બને તે ઘર કહેવાતું નથી

છેતરાશો ના કદી પણ એના રૂપ રંગ જોઈને
ફૂલ કાગળનું છે તેથી તો એ કરમાતું નથી

સોફા મોટરકાર બંગલા ખાણી પીણી છે છતાં
કોઈના મોઢા ઉપર પણ નૂર દેખાતું નથી

મિત્રોની મહેફિલમાં બણગાં ફૂકવાથી શું વળે
બોલવા જેવી જગાએ કેમ બોલાતું નથી

મળીએ ત્યારે રોજ એને પૂછીએ કે કેમ છો
પૂછવાનું હોય છે બસ એ જ પૂછાતું નથી

બોલવામાં લાગણીનો ધોધ વહેતો જોઉં હું
કોઈના હૈયેથી કિન્તુ હેત છલકાતું નથી

એય કાચિંડાની માફક રંગ બદલે છે હવે
દોરવું છે માનવીનું ચિત્ર દોરાતું નથી

કેમ છો, પૂછો તો કહીએ લહેર છે 'હારૂન' પણ
મન હવે રમતું નથી, હસતું નથી, ગાતું નથી





ભૂલી જા સપનાની વાત, જાગ્યા ત્યાંથી હવે સવાર
મૂકી દે એની પંચાત, જાગ્યાં ત્યાંથી હવે સવાર

દુનિયાને હું જીતી જાઉં, મૃગજળને પણ હું પી જાઉં
કેમ કરે છે આ ઉધમાત જાગ્યા ત્યાંથી હવે સવાર

પ્રિયજનો નિષ્ઠુર થયા, સૌ મારાથી દૂર થયાં
એનો તો શું વાદવિવાદ, જાગ્યા ત્યાંથી હવે સવાર

દુનિયા કામ નહિ આવે, નાહક દિલને ભરમાવે
છેવટ જઈશું ખાલી હાથ જાગ્યા ત્યાંથી હવે સવાર

પરપોટો છે ફૂટી જાય, પળ બે પળમાં ઊડી જાય
માણસ છે ઝાકળની જાત જાગ્યા ત્યાંથી હવે સવાર

દિલમાં લાખ ઉમંગો છે, સ્વાર્થી સૌ સંબંધો છે
કોઈ નથી દેવાનું સાથ જાગ્યા ત્યાંથી હવે સવાર

'હારુન' ખોટી ખટપટ છે દોડાદોડી ફોગટ છે
નાહકની છે આ ફરિયાદ, જાગ્યા ત્યાંથી હવે સવાર

અમે અન્યાયની સામે કદી ના સર ઝુકાવીશું
ખુમારીથી રહીશું શાનથી જીવન વિતાવીશું

કદી પણ આ અમારી આંખમાં અશ્રુ ન લાવીશું
ગમે તેવી દશા હો પણ જીવન હસતાં વિતાવીશું

કરી અંધારની વાતો અમોને તું ડરાવે છે
સૂરજની જેમ ચમકીને આ અંધારું મિટાવીશું

તમારા દંભ ને જુલ્મોનો પર્દાફાશ થઈ જાશે
તમારા કાળા કરતૂતોને લોકો સામે લાવીશું

કહી દો દુશ્મનોને  કે અમે હિંમત નથી હાર્યા
વખત આવે અમારો પરચો દુનિયાને બતાવીશું

જુઓ ચારે તરફ રેલાશે માનવતાનું અજવાળું
અમે કંઈ એવી રીતે મહેફિલોને ઝળહળાવીશું

ફક્ત પોતાના માટે જીવવું મંજુર નથી અમને
અમે તો સ્વાર્થ ત્યાગીને બીજાના કામ આવીશું

કહે લીડર ભલેને કોમ આ રડતી કકળતી છે
અમે તો પેપરોમાં હસમુખો ફોટો છપાવીશું





અમે ક્યારેક પણ ખોટો અહમ રાખ્યો નથી મિત્રો
તમે બોલાવશો તો કાલ પણ મહેફીલમાં આવીશું

અમે તો સીધા સાથે સાવ સીધી વાત કરીએ છીએ
કોઈ જો આડો ફાટે તો અમે ધાંધલ મચાવીશું

તમારું ને અમારું કામ એક જ પણ ફરક એ છે
તમે બાવળ ઉગાડો ને અમે ગુલાબ વાવીશું

તમે તો ભાષણો ઠોકો કલાકોના કલાકો પણ
અમે એક શબ્દથી આખી સભાને ખળભળાવીશું

એ જોઈને હરીફો પણ બળીને ખાખ થઈ જાશે
જીવનના બાગને 'હારૂન' એ રીતે સજાવીશું

ભલે ને મારી સામે આ કસોટીની ઘડી છે
છતાંય મારી શ્રદ્ધા તો હજી અણનમ રહી છે
વધો હિમ્મત કરી આગળ હવે અલ્લાહ બેલી
નથી પરવા અમારે પંથ શી આફત પડી છે

શાને માટે કોઈની પરવા કરું
હું મારી મરજી મુજબ જીવ્યા કરું

આ અજાણ્યા શહેરમાં હું ક્યાં તને
નામ, સરનામા વગર શોધ્યા કરું

મારી સાથે ભાવની રકઝક ન કર
તું કહી દે કેટલા ઓછા કરું

મૌન છું બસ ત્યાં લગી હું મૌન છું
હું જો બોલું તો સતત બોલ્યા કરું

તારી આંખો એ જ મારો આયનો
અન્ય દર્પણ કેમ હું જોયા કરું

ક્યારે આવડશે ગઝલ ભાષા મને ?
ક્યાં સુધી બારાખડી ગોખ્યા કરું





અર્થ વગરનું બોલ્યા કરજે
બોલીને પસ્તાયા કરજે

સામે મોઢે મીઠી વાતો
પીઠની પાછળ નિંદા કરજે

દુશ્મનોની ઓળખ ટાણે
મિત્રોને પણ ભેગા કરજે

મિત્રોના સૌ ખેલ તમાશા
મૂંગો રહીને જોયા કરજે

થાકીને જે બેસી પડ્યા હો
'હારુન' એને ઊભા કરજે

કેળવો કંઈ સમજણ ને સૂઝ જખમોને વળવા દો રૂઝ
ખોતરશો ના જૂના ઘાવ, જાગ્યા ત્યાંથી હવે સવાર

આમ તો સૌનો રસ્તો એક, પણ કારણ સૌ સૌનાં અનેક
સૌનો ક્યાં સરખો સ્વભાવ જાગ્યા ત્યાંથી હવે સવાર

વેરથી ઊલટું વધશે વેર નથી જગતમાં કોઈ ઈલાજ
વેર તો છે એક ઝેરી તાવ જાગ્યા ત્યાંથી હવે સવાર

હળીમળીને રહીએ તોયે લડતા ઝઘડતા રહીએ તોયે
માનવતા ના ભૂલો સાવ જાગ્યા ત્યાંથી હવે સવાર

આમ ના હિંમત હારી જા હાથ જોડી ના બેસી જા
ફરી નવેસર ખેલો દાવ જાગ્યા ત્યાંથી હવે સવાર

આખો દિવસ કામ જ કામ માંડ મળી છે નમણી સાંજ
ચાલ હવે ગઝલો સંભળાવ જાગ્યા ત્યાંથી હવે સવાર

હું 'હારૂન' સમજ્યો છું સૌથી ઉત્તમ એક જ વાત
શત્રુને પણ મિત્ર બનાવ જાગ્યા ત્યાંથી હવે સવાર





માણસની જો દશા ફરે છે,
પ્રથમ સગા હેરાન કરે છે.

ખુદા નથી તો કોણ છે બીજું ?
જગ સંચાલન કોણ કરે છે.

જ્યારે વસંતો રૂઠે ત્યારે,
ઝાડથી લીલા પાન ખરે છે.

મોતને ક્યારે મોત આવ્યું છે,
જીવતો માણસ રોજ મરે છે.

'હારૂન' દુનિયાથી ના ડરશો,
દુનિયા ખોટી હૂલ ભરે છે.

દેશમાં ઓ દોસ્ત શું તડકો પડે છે,
બસ વગર મહેનતનો પરસેવો પડે છે.

શી રીતે સૌને ગળે વળગાડીએ,
એક વળગે ત્યાં જ એક છૂટો પડે છે.

જેની ઊંચી નામના છે ચોતરફ,
રોજ એના નામની બૂમો પડે છે.

જે જગ્યાએ એક બે ડગલાં ભરું છું,
એ જગાએ એક નવો રસ્તો પડે છે.

બસ હવે 'હારૂન' મળશું ફોન પર,
આટલો વહેવાર શું ઓછો પડે છે ?.





રૂપ મોસમનું નિહાળી સૂર્ય પણ ઝંખવાય છે
એમને જોયા પછીથી ફૂલ પણ શરમાય છે

આ વળાંકો પ્હાડનાં ઢોળાવ ને ઠંડી હવા
ઝુલ્ફને ઉડતી નિહાળીને ઘટા લજ્જાય છે

ખુદાને યાદ કરવાની જવાનીમાં મળી ફુરસદ નહીં
ને હવે આ અંત ઘડીએ આંખ શેં ઉભરાય છે

શિયાળો બેસવાના દિવસોમાં સનમ છોડી ગયા
આ પવનમાં યાદ એની ચોતરફ ઘૂમરાય છે

'હારૂન' આવે છે વતનની યાદ અજાણ્યા શહેરમાં
કેમ અચાનક સાંભરણાના વાદળો મંડરાય છે

દિલનો ભાર આંખોથી વહી હલકો થાય તો કહેવાય ના
એ વ્યર્થ આંસુ એના પાલવના મોતી થાય તો કહેવાય ના

ચૂંદડી ઓઢી મારા નામની ને રૂપ એનું નિખરી ગયું
પ્રેમ ઘેલી ઘેલછા જીવન ભરખી જાય તો કહેવાય ના

મંદિરો સાવ નોખા ને ધજા એક જ છે હવે
હર એક ધજાની નોખે પ્રેમ વંચાય તો કહેવાય ના

ધપાવું છું આગળ નાવને મારી, આ રેતીના રણમાં
દરિયા સાથે જે હતો નાતો હવે ઓછો થાય તો કહેવાય ના

એમ કંઇ ઊપડે પડદો એની ય પાછળ પડદો છે
જાળવીને ઉઠાવજો 'હારૂન', ચહેરો કોઇ સજ્જનનો દેખાય ના

તારુ ઘર તું હવે સંભાળ ડોન્ટ બી નોઝી
છોડ દુનિયાનો કારભાર ડોન્ટ બી નોઝી
કેમ જઇ જઇને ઇસપ ટાંગ અડાડે છે બધે
કેમ ઉપાડે છે બધો ભાર ડોન્ટ બી નોઝી





આમ તો લોકો ઘણા છે
એ બધા ક્યાં આપણા છે

જે બહુ બોલ્યા કરે છે
એ બધા ખાલી ચણા છે

શું નથી આપ્યું ખુદાએ
ક્યાં કશાની પણ મણા છે

નામની ચાદર રહી છે
ઓઢવા બસ તાંતણા છે

સુખ ને દુઃખ 'હારૂન' શું છે
બે ઘડીના તાપણા છે

●

જેમણે આગળ રહી નારાઓ પોકાર્યા હશે
એ બધા મેદાન છોડી સૌ પ્રથમ ભાગ્યા હશે

તે જ દોડીને આવ્યા મુજને તસલ્લી આપવા
મારી મુશ્કેલીથી જેઓ મનમાં હરખાયા હશે

મુખથી બોલે રામ ને છૂરી બગલમાં લઇ ફરે
એમનો દેખાવ જોઇ લોક ભરમાયા હશે

આપના સુંદર વદન પર પાનખર આવી નહિ
રૂપ નીરખી આપનું ગુલઝાર શરમાયા હશે

કોણે આગળ ઘા કર્યા ને કોણે પાછળ ઘા કર્યા
દોસ્તો ને દુશ્મનો એ રીતે પરખાયા હશે

આંખડીથી જે રીતે 'હારૂન' મળે છે આંખડી
જામ એ રીતે સુરાલય માંહિ ટકરાયા હશે

●





●

તું નિરાંતે વાત કર કંઇ કામની
છોડને પંચાત આખા ગામની

એમાં આખું ગામ સલવાશે હવે
જાસા ચિઠ્ઠી છે તમારા નામની

કેવી આ નવરાશ આપણને મળી
એક ક્ષણ પણ ના મળે આરામની

ક્યાંય પણ મિત્રો નથી મહેફિલ નથી.
આ સલૂણી સાંજ પણ શી કામની

કોઇને 'હારૂન' દરિયાની તરસ
કોઇને ઇચ્છા ગઝલના જામની

●

એ ડરાવી જાય અમને વાતમાં કંઈ દમ નથી
લાટ સાહેબ એ હશે તો આપણે પણ કમ નથી

ડરવું, શરમાવું અને સંતાડવા જેવું છે શું ?
આપણા સંબંધમાં એવું કશું મોઘમ નથી.

એમ પણ ક્યારેક લાગે બાગમાં આવી વસંત
આમ લાગે છે કે આ ફુલો તણી મોસમ નથી.

એ રીતે જુઓ કે આ અડધો ભરેલો જામ છે,
હા જરા ખાલી છે પણ એ સાવ ખાલીખમ નથી.

આટલા વર્ષો પછી 'હારૂન' એના હાથમાં
પાઉન્ડ કે ડોલર નથી , દિનાર કે દિરહમ નથી.





મતભેદ વેરઝેરને દિલથી ફગાવીએ
ભેગા મળીને ઈદની ખુશીઓ મનાવીએ

અત્તર ફક્ત આ દેહ, ને કપડાં ઉપર નહિ
દિલમાં સુવાસ લઈ અને મસ્જિદમાં આવીએ

બીજાને અગર ખુશ કરી શકીએ ન તો પછી
એ પણ ઘણું છે કોઈને પણ ના સતાવીએ

મિત્રો છે ઈદુલ ફિત્રનો સંદેશ એટલો
રડતાંના આંસુ લૂછીને એને હસાવીએ

બીજાના ઈશારાઓ ઉપર નાચતા રહ્યા
ચાલો, ઈશારે આપણાં એને નચાવીએ

મા-બેન દીકરીઓની ઈજ્જત લૂંટાય છે
કાયરપણું છે આપણું મોઢું છુપાવીએ

સાચું પૂછો તો એની કૃપાઓ અપાર છે
છે બેસુમાર નેઅમતો કઈ કઈ ગણાવીએ

વાતોનાં લાખ બણગાંઓ ફૂંકવાથી શું વળે ?
ઉન્નત જીવન જીવીને જગતને બતાવીએ

સાચી ખુશી આ ઈદની 'હારૂન' એ જ છે
ધરતી ઉપરથી જુલ્મ સિતમને મિટાવીએ

તસ્કરો પર પણ ભરોસો રાખીએ,
કોક દિ' દરવાજો ખુલ્લો રાખીએ.

મન ભરી જોયા કરો સૌંદર્યને,
આંખ પર પાંપણનો પહેરો રાખીએ.

ઈચ્છા જો આગળ જવાની હોય તો,
પાછા વળવાનો ય રસ્તો રાખીએ.

દુઃખમાં આંસુ સારવાની ના નથી,
સુખને માટે થોડો હિસ્સો રાખીએ.

થઈ ગયા છે આ ગઝલના ચાર શેર,
પાંચમે 'હારૂન' મક્તો રાખીએ.





ક્યારેક મારા ઘર સુધી પણ આવતા રહો,
અમને ય આપના ઘરે બોલાવતા રહો.

દુનિયાના દંભી લોકોની પરવા કર્યા વગર,
ક્યારેક સાચી વાત પણ સંભળાવતા રહો.

મિત્રો બધા જ સમજણા નથી હોતા,
ધીરજથી ના સમજને પણ સમજાવતા રહો.

આવે જો મુસીબત તો ડરી ના જશો તમે ,
હિંમતથી મુસીબતને પણ હંફાવતા રહો.

'હારૂન' રાત લાંબી છે, લાંબો છે પંથ પણ,
એથી તમારી વાતો પણ લંબાવતા રહો.

તરસ એક દરિયાની

કહેવાને તો કહેવાય છે કૉઠી થી બોલ્ટન
આ આયખું વહેંચાય છે કૉઠી થી બોલ્ટન

સહેલું છે આવવાનું પણ પાછા જતી વખત
રસ્તો બહુ લંબાય છે કૉઠી થી બોલ્ટન

રહેવાનું ઠામ ઠેકાણું બંને જગા છે પણ
આ જિન્દગી અથડાય છે કૉઠી થી બોલ્ટન

બબ્બે મલકના હોય છે સરનામા આપણા
પરબીડિયાં અટવાય છે કૉઠી થી બોલ ટન

'હારૂન' દોસ્ત આપણી આ ગુર્જરી ગઝલ
બંને જગા વંચાય છે કૉઠી થી બોલ્ટન